Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું.
અંક ૬ ઠ્ઠો.

સંવત ૧૯૯૮
પોષ.



પરમાત્મની પદ-રેણુથી પવિત્ર પાવાપુરીતીર્થ

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. ભદ્રેશ્વર તીર્થમંડન શ્રી મહાવીર સ્તવન ... ... ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) ૧૨૫
૨. ધર્મરૂપી ઢાલ ... ... ... ... ... ... ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) ૧૨૬
૩. શ્રી સિદ્ધસ્તોત્ર ... ... ... ... ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૧૨૭
૪. નૈતિક ઉપદેશક પદ ... ... ... ... ... ( મુનિ શ્રી યશોવિજયજી મહારાજ ) ૧૩૦
૫. શ્રી શ્રુતજ્ઞાન ... ... ... ... ... ... ( પં. શ્રી ધર્મવિજયજી મહારાજ ) ૧૩૧
૬. ઉપદેશક પુષ્પો ... ... .... ... ... ( સં: પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ ) ૧૩૫
૭. નિશ્ચય અને વ્યવહારથી બાર વ્રતનું સ્વરૂપ... ( મુનિશ્રી પુણ્યવિજયજી : સંવિગ્નપાક્ષિક ) ૧૩૭
૮. વિનય: સાચું આભૂષણ ... ... ... ... ... ... ... ... ... ... ૧૩૯
૯. માનવને હિતોપદેશ ... ... ... ... ( સં. મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) ૧૪૦
૧૦. શ્રી મુનિસુંદરસૂરિ (મોહનલાલ દલીચંદ દેશાઇ બી એ. એલએલ. બી. એડવોકેટ) ૧૪૧
૧૧. ઐતિહાસિક દૃષ્ટિ ... ... ... ... ... ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) ૧૪૩
૧૨. સુધારો ... ... ... ... ... ... ... ... ... ... ... ... ૧૪૫
૧૩. વર્તમાન સમાચાર. ( પંજાબ સમાચાર વગેરે )... ... ... ... ... ... ... ૧૪૬
૧૪. સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ... ... ૧૪૮


## જવાબ મંગાવનારાઓને નમ્ર સૂચના.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક, પુસ્તક પ્રકાશન ખાતા કે તેવા કોઇપણ સભાના કાર્ય માટે જે બંધુઓને કંઇ ખુલાસા-જવાબની જરૂર હોય તેમણે જવાબ માટે પોસ્ટની ટિકિટ મોકલવા તસ્દી લેવી. ખાસ કારણો હશે તો જ માત્ર જવાબ-ખુલાસો આપવામાં આવશે. સેક્રેટરીઓ.

## ગ્રાહકોને નમ્ર સૂચના.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક દર અંગ્રેજી મહિનાની ૧૦ મી તારીખે બહાર પડતું હતું: પરંતુ ચાલુ સને ૧૯૪૨ના વર્ષમાં પોસ્ટ ખાતા તરફથી ૧૫ મી તારીખ નક્કી થયેલ હોવાથી આ વર્ષે માસિક દર અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે બહાર પડશે.

## શ્રી આત્માનંદ પ્રકાશ.

૧. જે લેખો બીજા ન્યુસપેપરમાં પ્રથમ પ્રકટ થયેલ હશે તે લેખો આત્માનંદ પ્રકાશમાં ફરી લેવામાં આવશે નહિં.

૨. જે જે લેખક બંધુઓએ આત્માનંદ પ્રકાશમાં પ્રકટ કરવા લેખો મોકલ્યા હશે તેની પહોંચ આપવામાં આવતી નથી. પહોંચ મંગાવનારે પોસ્ટ સ્ટેમ્પ સાથે મોકલવો.

૩. આત્માનંદ પ્રકાશ માટે આવેલા લેખો કયા પ્રકટ કરવા અને કયા નહિ તે સંપાદક મંડળને સ્વાધીન રહેશે.

## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. શેઠ કરમચંદ લાલચંદ | મુંબઇ | લાઇફ મેમ્બર |
| ૨. શાહ મગનલાલ જુઠાભાઇ | ભાવનગર ( વાર્ષિકમાંથી ) | ,, |
| ૩. શાહ પ્રેમચંદ મગનલાલ બી.એ. એલએલ. બી. | ,, | વાર્ષિક મેમ્બર. |
| ૪. શેઠ હીરાલાલ નારણદાસ | ,, | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૩૯ મું : આત્મ- સં. ૪૬ : વીર સં. ૨૪૬૮ : પોષ :
અંક : ૬ ઠ્ઠો : વિક્રમ સં. ૧૯૯૮ : જાન્યુઆરી :

# ભદ્રેશ્વર તીર્થમંડન શ્રી મહાવીર-સ્તવન.

( ઝટ જાઓ ચંદનહાર લાવો.... )

ભજો ભાવે પ્રભુ મહાવીર રે, નિરંજન અવિનાશી,
પ્રભુ ધર્મધુરંધર ધીર રે, ભદ્રેશ્વર તીર્થવાસી-ટેક

ભામંડળ શુભ શોભતું, વિદ્યુતનો ચમકાર,
મુખકેરી પ્રતિભા રૂડી, જેની શોભાતણો નહિ પાર રે. નિરંજન. ૧

ઊંચા ત્રણ ગઢ દીપતા, ઇન્દ્રધનુ સમ રમ્ય,
દેવદુન્દુભિ ગડગડે, જેનો નાદ સુણાયે અગમ્ય રે. નિરંજન. ૨

ભવિજનકેરા નૃત્યમાં, મોરક્રીડાનો ભાસ,
ચામર ઢોળાયે ઘણાં, જાણે હંસતતીનો ઉલ્લાસ રે. નિરંજન. ૩

અમૃતસમ એ દેશના, ચાતક સમ સૌ લોક,
સમકિતની સુધા ગ્રહી, કરે કષાય સઘળા ફોક રે. નિરંજન. ૪

બુધ્ધિદાતા ! આપજો, અજિત ધામ શિવપુર,
મુનિ હેમેન્દ્ર સુણે ઉરે, આત્મબંસીના મીઠા સૂર રે. નિરંજન. ૫

મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "धर्मरूपी ढाल."

धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः।

[ હણાએલો ધર્મ આપણને હણે છે, અને રક્ષણ કરાએલો ધર્મ રક્ષણ કરે છે. ]

દોહરો.

સંકટ સમયે સર્વનું, કરે કાર્ય પ્રતિપાળ;
અડગ એક ઓજાર છે, ધર્મની ધીંગી ઢાલ. ૧

હરિગીત છંદ.

સંકટ વિષે સપડાઇ છે, આજે બધીય વસુંધરા,
ચોતરફ લાગી લ્હાય, હાય! પુકારતી ધ્રૂજે ધરા;
લાખો-કરોડો માનવીનો, મૃત્યુવાયુ હાલ છે,
આફતથકી ઉગારનારી, ધર્મકેરી ઢાલ છે. ૧
મૃત્યુતણો વરસાદ વરસે, વિવિધ યાંત્રિકના બળે,
આશ્ચર્ય અદ્દભૂત ઉપજે, કોઇ રાક્ષસી બળ આફળે;
જળ-થળ વિષે યુધ્ધો કરે, મહાક્રૂર જાણે કાળ છે.
એમાંથી રક્ષણહાર તો, ધાર્મિક ધીંગી ઢાલ છે. ૨
શાસ્ત્રો અને સુજ્ઞો વદે છે, આ સમયનાં રક્ષણો,
માનવમતિ ચાલે નહિ, ત્યાં ધર્મને રક્ષક ગણો;
અગ્ન્યાસ્ત્રને પણ ઓલવે, જેનો પ્રતાપ વિશાળ છે,
શરણું ગ્રહો સદ્ધર્મનું, એ અજબ ધીંગી ઢાલ છે. ૩
સધ્ધર્મનું પાલન ગયું, મહાપાપ ક્રાંપો જામીયા,
નીતિ ગઈ, ન્યાયો ગયા, તેનાં વિષમફળ પામીયા;
છે 'ધર્મનો જય-પાપનોક્ષય,'સિધ્ધ વાકય સદાય છે,
શિર ધર્મકેરી ઢાલ ઓઢો, તો જ રક્ષણ થાય છે. ૪

દોહરા.

પ્રલયકાળ સમ પેખતી, ધરતી કરે પુકાર,
ઓ! મારાં તનુજો ગ્રહો, ધર્મશર્ણ આ વાર. ૧
લા લાગી છે લક્ષધા, નથી ઉગરવા દ્વાર,
ઓ! મારાં તનુજો ધરો, ધર્મતણો આધાર. ૨
રાવણ જેવો રાજવી, સકળ સંપત્તિવાન,
"નામ નિશાન રહ્યું નહીં, "અધર્મનાં એંધાણ". ૩
સંકટનાં શાકાં પડે, શિર શત્રુ વિકરાળ,
વાળ ન વાંકો થઇ શકે, (જ્યાં) ધર્મની ધીંગી ઢાલ. ૪

લી૦ ધર્મોપદેશક-
રેવાશંકર વાલજી બધેકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રચનાર અને વિવેચનારઃ–ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

# શ્રી. સિદ્ધસ્તોત્ર.

સંબંધ-અભિધેયાદિ. વસંતતિલકાવૃત્ત—

**એવું કરી સ્તવન શ્રી અરિહંતકેરું,**
**લૌકિક દેવથી વિલક્ષણ ને અનેરું;**
**શ્રી સિદ્ધનું સ્તવન હું અધુના કરીશ,**
**સ્વાત્મપ્રદેશ શુભ પુણ્યભરે ભરીશ.**

**શબ્દાર્થ—એવા પ્રકારે લૌકિક દેવથી વિલક્ષણ અને જુદા જ પ્રકારનું એવું શ્રી અરિહંતનું સ્તોત્ર રચીને, હવે હું શ્રી સિદ્ધ ભગવાનનું સ્તવન કરીશ, અને એમ કરતાં પોતાના આત્મપ્રદેશોને શુભ પુણ્યસંભારથી ભરીશ.**

વિવેચન—

અત્રે આ સ્તોત્રનો પૂર્વાપર સંબંધ, અભિધેય વિષય અને પ્રયોજન તથા ફલ બતાવવામાં આવ્યા છે.

વિશ્વની વિશિષ્ટ અને શ્રેષ્ઠ વિભૂતિરૂપ પંચપરમેષ્ઠિ છે. તેમાં પ્રથમ શ્રી અરિહંતદેવનું સ્તોત્ર, કે જે ઈતર લૌકિક દેવથી વિલક્ષણ-વિશિષ્ટ લક્ષણવાળું અને કંઇક ઓર જ પ્રકારનું છે,–તે યથાશક્તિ યથાભક્તિ કરીને, હવે હું શ્રી સિદ્ધ ભગવાનનું સ્તોત્ર રચવાને પ્રવૃત્ત થાઉં છું. પૂર્વ પ્રતિજ્ઞા* પ્રમાણે આ લેખકે પંચપરમેષ્ઠિનું–પ્રત્યેકનું સ્વતંત્ર સ્તોત્ર રચવાનો ઉપક્રમ કર્યો છે, તેથી ક્રમપ્રાપ્ત આ બીજું સ્તોત્ર છે. આમ પૂર્વાપર **સંબંધ** અને **અભિધેય** વિષય બતાવ્યા.

અને તેમ કરીને પોતાના આત્મપ્રદેશોને હું પુણ્યભરથી–પુણ્યના પ્રાગ્ભારથી ભરી દઈશ,–એ ઉપરથી અનંતર **પ્રયોજન** તથા **ફલ** બતાવ્યા; કારણ કે પુણ્યાત્માની ભક્તિમાં–ગુણસ્તુતિમાં પ્રવૃત્ત થવું એ પ્રશસ્ત રાગજન્ય શુભ યોગની પ્રવૃત્તિ છે, અને એવા શુભ યોગની પ્રવૃત્તિ તે પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે. તે અંગે **આચાર્યચૂડામણિ શ્રી કુંદકુંદસ્વામી** કહે છે:–

**" अरहंतसिद्धसाहुसु भत्ती धम्मम्मि जाय खलु चेट्ठा ।**
**अणुगमणं पि गुरूणं पसत्थरागो त्ति वुच्चंति " ॥ —શ્રી પંચાસ્તિકાય.**

---

* પંચ પરમેષ્ઠિ પ્રણમીને, રચું પરેષ્ઠિ સ્તોત્ર;
તેથી બીજો હોય શું, મંગલ સરિતા સ્રોત ?
હું પામર તે પરમને, સ્તવવા ધરતો હામ;
શ્રુતધર બુધને હાસ્ય વા, હર્ષનું થઇશ ઠામ ?"

ઇત્યાદિ આ **પરમેષ્ઠિસ્તોત્રના પ્રારંભમાં** જ જણાવ્યું હતું. તદંતર્ગત પ્રથમ **શ્રી અરિહંતસ્તોત્ર** શ્રી **જૈનધર્મપ્રકાશમાં** છપાઈ રહ્યું છે; અને બીજું આ શ્રી **સિદ્ધસ્તોત્ર** અત્રે આપવામાં આવે છે, બાકી અનુક્રમે રચાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" અરિહંત-સિદ્ધ-સાધુ પ્રત્યે ભકિત, ધર્મમાં ચેષ્ટા-આચરણ અને ગુરુઓનું અનુગમન-અનુસરણ,-તે પ્રશસ્ત રાગ કહેવાય છે. " ( જેનું ફલ પુણ્ય આસ્રવ છે. )

અને તેમ કરતાં ઉત્તરોત્તર આત્મપરિણામની નિર્મલતા થતાં યોગની શુદ્ધતાથી નિર્જરા થાય છે અને તેથી પરંપરાએ મુકિત સાંપડે છે. આમ પરંપર પ્રયોજન તથા ફલસિદ્ધિ-પ્રાપ્તિ છે.

જેમ રચનાર સ્તોત્રકારનું આ પ્રયોજન છે, તેમ વાંચનાર-વિચારનારનું પ્રયોજન પણ ઉપલક્ષણથી તેમજ સમજવું.

અત્રે વિશેષમાં એટલું જાણવું કે દેવત્વસ્વરૂપે દ્રવ્યાર્થિક નયથી અરિહંત અને સિદ્ધમાં કંઇ સ્વરૂપભેદ નથી; જે અરિહંતનું આંતરિક સ્વરૂપ છે તે સિદ્ધનું સ્વરૂપ છે, કારણ કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ એક સરખી છે; ભેદ પર્યાયાર્થિક નયથી છે. એટલે પૂર્વોકત અરિહંતનું આંતરિક વર્ણન સિદ્ધને પણ લાગુ પડે છે. **મહાતાત્ત્વિક શ્રી અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે:—

**" एको यथा सद्द्रव्यार्थात् सिद्धः शुद्धात्मलब्धितः ।**
**अर्हन्निति च सिद्धश्च पर्यायार्थात् द्विधा मतः ॥ "** —શ્રી પંચાધ્યાયી.

**પ્રથમ તો સિદ્ધનો મહામહિમા બતાવે છે—**

**જેનું સ્મરે પુનિત નામ જિનેંદ્રવૃંદો,**
**જેનું સ્તવે સ્વરૂપ સર્વ સુરાસુરેંદ્રો;**
**યોગીંદ્ર જેહ શિવરૂપનું ધ્યાન ધારે,**
**તે સિદ્ધના ચરણ હો શરણું અમારે. ૧**

**શબ્દાર્થ**—જેના પવિત્ર નામનું જિનેંદ્રવૃંદો સ્મરણ કરે છે, જેના સ્વરૂપનું સર્વ સુરાસુરેંદ્રો સ્તવન કરે છે, અને યોગીશ્વરો જે શિવરૂપનું ધ્યાન ધરે છે,-એવા તે સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો !

**વિવેચન—**

વિશ્વની પરમ વિભૂતિરૂપ જિનેશ્વરો કે જે અનંત નિરુપમ આત્મલક્ષ્મીના સ્વામી છે, તે પણ '**नमो सिद्धाणं**' એમ કહી શ્રી સિદ્ધ ભગવાનના પાવન નામનું સ્મરણ કરે છે.

જગતમાં ઊંચી પદવીના અને અઢળક ઋદ્ધિના ધણી, તથા સકલ વાઙ્મયના પારને પામેલા મહામતિ સુરેંદ્રો અને અસુરેંદ્રો શ્રી સિદ્ધના સ્વરૂપની સ્તુતિ કરવા મથે છે, પણ તે પણ તેનું સ્વરૂપ વર્ણવવા સમર્થ થતા નથી. કહ્યું છે કે:—

" यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-
दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः । " શ્રી ભકતામરસ્તોત્ર.

" यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः
स्तोत्रं सुविस्तृतमतिर्न विभुर्विधातुम् । " શ્રી કલ્યાણમંદિરસ્તોત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" अपि सर्वविदां वाचो यदंचति न गोचरम् ।
स्वात्मानुभववेद्यं तच्चिदानंदमहः स्तुमः ॥ "

શ્રી જયશેખરસૂરિકૃત પ્રબોધચિંતામણિ.

" જે પદ દીઠું શ્રી સર્વજ્ઞે જ્ઞાનમાં,
કહી શક્યા નહિં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવા ક્યારે આવશે ? "

મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી.

અને યોગીશ્વરો પણ તે શિવરૂપ સિદ્ધનું નિરંતર ધ્યાન ધરે છે. શિવ એટલે નિરુપદ્રવ કલ્યાણમય દેવતાવિશેષ.

" नत्वाद्यन्तविनिर्मुक्तं शिवं योगीन्द्रवन्दितम् । "
" मोक्षहेतुर्यतो योगः भिद्यते न ततः क्वचित् । "

શ્રી હરિભદ્રાચાર્યકૃત યોગબિંદુ.

મોક્ષની સાથે યોજે-જોડે-યુંજન કરે તે મોક્ષના કારણરૂપ ' **યોગ** ' કહેવાય છે. શિવરૂપ સિદ્ધના સ્વરૂપધ્યાનમાં અનુસંધાન કરવું-યોજાવું તે યોગનો વિશિષ્ટ પ્રકાર છે. એવો મોક્ષસાધક યોગ જે સાધે છે તે સાધક સાધુ અથવા યોગી કહેવાય છે; અને તેમાં પણ જે ઉત્કૃષ્ટ દશાને પ્રાપ્ત થયેલા ગણધર દેવાદિ મહામુનીશ્વરો છે તે યોગીંદ્રો કહેવાય છે. એવા યોગીંદ્રો પણ શ્રી સિદ્ધને ધ્યાવે છે

આમ જેને આવા આવા મહિમાવંત મહાજનો સ્મરે છે, સ્તવે છે, ધ્યાવે છે, તેનો મહિમા કેટલો બધો મહાન્ હોવો જોઇએ ? એવા પ્રકારના વચનવિન્યાસથી અત્રે સિદ્ધનો અતિશય બતાવવામાં આવ્યો તે **ઉદાત્ત અલંકારનો** પ્રકાર છે.

' उदात्तं वस्तुनः संपत् महतां चोपलक्षणम् । ' શ્રી કાવ્યપ્રકાશ.

એવાં મહામહિમાવંત શ્રી સિદ્ધના ચરણ અમને શરણરૂપ હો !-અત્રે ચરણ શબ્દ બન્ને અર્થમાં ઘટી શકે છે. એક તો ચરણ એટલે પદ. શ્રી સિદ્ધને દેહ તો નથી તો ચરણ કેમ ઘટે ? એનો ઉત્તર એ છે કે સિદ્ધને ચરમ દેહના આકારની ત્રિભાગહીન અવગાહના હોય છે તે અપેક્ષાએ, અથવા ભૂતપૂર્વ ન્યાયે, અથવા આલંકારિક દૃષ્ટિએ એ અર્થ ઘટે છે. અને બીજો અર્થ ચારિત્ર એટલે સ્વસ્વરૂપમાં રમણ એ છે. અત્રે ઉપલક્ષણથી કહેવાનો આશય તો સ્પષ્ટ એ જ છે કે સિદ્ધનો શુદ્ધ આત્મા અમને શરણરૂપ હો !

શરણ એટલે આશ્રયસ્થાન, ભયમાંથી બચવાનું રક્ષણસ્થાન--વિશ્રામસ્થાન. ભવભ્રમણ ભયથી બચવાને માટે જીવને એવું પરમ નિર્ભય રક્ષણસ્થાન-આશ્રયભૂમિ-શરણ શ્રી સિદ્ધનું ચરણ છે. સત્પુરુષો કહી ગયા છે કે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" शरणमेकमनुसर चतुरङ्गम् । " શ્રી વિનયવિજયજીકૃત શાંતસુધારસ.

" હે વિનય ! આમ સર્વ પ્રકારે આ જગત્ અનાથ–અશરણ છે એમ જાણી, તું જેના જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ એ જ્ઞાન ચતુષ્ટયીરૂપ ચાર અંગ છે એવા તારા શાશ્વત આત્માનો જ આશ્રય કર; અથવા જેને એ ચતુષ્ટયી વ્યક્ત થઈ છે એવા વીતરાગ પરમાત્માનું શરણ લે; અથવા દાન–શીલ–તપ–ભાવરૂપ જેના અંગ છે એવા પવિત્ર ધર્મનો આશ્રય લે." શ્રી મનઃસુખભાઇ કીરતચંદકૃત વિવેચન.

" સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઇ ન બાંહ્ય સ્હાશે. "
શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત ભાવનાવબોધ.

" तन्मे त्वदेकशरणस्य शरण्य भूयाः,
स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि । " શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર.

" જન્મ કૃતારથ તેહનો રે, દિવસ સફલ પણ તાસ;
જગતશરણ જિન ચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ. "
—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી.

હવે સિદ્ધ શબ્દની નિરુક્તિ આવતા અંકમાં બતાવવામાં આવશે. ( ચાલુ )

# નૈતિક–ઉપદેશક પદ.

[ તર્જ નદી કિનારે બૈઠકે આવો... ]

જુવોને જગમાં ધનવાનોને; નાણાં કેમ કમાયા ? જુવોને.
શેર સટ્ટાઓ ખેલી કરીને, વ્યાજવટાવ વટાવ્યા. જુવો૦ ૧
પોતાને હસવાને સુખને માટે, હસતાં કેંક રડાવ્યાં,
ભાગ્યરૂપી વરસાદ વરસ્યો તિહાં, ક્ષણભર સૌ છલકાયાં. જુવો૦ ૨
નાળા, નદીઓ આખર સાગર, જલમેં જોને શોષાયા,
દુનિયાકી એ રીતિ હઠાકર, સુયશ નીતિ બસાવો. જુવો૦ ૩

( પ્રભાસપાટણ ) મુનિશ્રી યશોવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન.

લેખકઃ—પંન્યાસ શ્રી ધર્મવિજયજી મહારાજ.

[ પ્રાસંગિકઃ સમ્યગ્દર્શનના પાંચ લક્ષણો પૈકી પંચમ લક્ષણ ]

## આસ્તિકયનું સ્વરૂપ.

( નોંધ—આ લેખ ઘણા વખતથી આ માસિકમાં ચાલુ કરેલ છે, વચ્ચે પઠન-પાઠનાદિ ધાર્મિક પ્રવૃત્તિને અંગે અવકાશના અભાવે લેખ લખવાનું બની શક્યું ન હતું. પુનઃ તે લેખ શરૂ થાય છે, વાંચકો પૂર્વનું અનુસંધાન સ્વબુદ્ધિથી કરી લેશે. )

( ગત વર્ષના પૃષ્ઠ ૧૮૪ થી શરૂ )

**મોક્ષના** મૂલકારણભૂત સમ્યગ્દર્શન-ગુણ સ્વ—આત્મામાં પ્રગટ થયેલ છે કે કેમ? તે જાણવા માટે જૈનદર્શનમાં શમ—સંવેગ-નિર્વેદ—અનુકમ્પા અને આસ્તિકય એ પાંચ લક્ષણો જણાવેલાં છે, એ પાંચ લક્ષણો જો પોતાના આત્મામાં વર્તતા હોવાનું સ્વાનુભવથી ખ્યાલમાં આવતું હોય તો સમ્યગ્-દર્શનગુણ પ્રગટ થયાનું અનુમાન થઈ શકે છે. એ પાંચ લક્ષણો પૈકી શમ—સંવેગાદિ પ્રથમના ચાર લક્ષણોની વ્યાખ્યા અગાઉ કરવામાં આવેલ છે, હવે 'આસ્તિકય' નામના પંચમ લક્ષણની યથાયોગ્ય વ્યાખ્યા અહિં કરવામાં આવે છે.

### 'આસ્તિકય' એ શબ્દનું તાત્પર્ય.

અખિલ વિશ્વમાં જેટલાં આસ્તિકદર્શનો છે તે બધા ય આત્માદિ પદાર્થોને ભિન્ન ભિન્ન દૃષ્ટિએ અવશ્ય માનવાવાળા છે. 'આત્મા—પુન્ય-પાપ—બંધ—મોક્ષ' ઈત્યાદિ પદાર્થોને જે માને તે આસ્તિક' આવું સામાન્ય લક્ષણ તો સર્વ આસ્તિકદર્શનોમાં ઘટી શકે છે, પરંતુ તેટલા માત્રથી દરેક આસ્તિકદર્શનને માનવાવાળા 'આસ્તિકય' લક્ષણથી યુક્ત છે અને તેથી તે બધા ય સમકિતવંત છે એવું માનવાની જરૂર નથી. એવું જો માનવામાં આવે તો નાસ્તિક—ચાર્વાકદર્શનને માનવાવાળી વ્યક્તિઓ સિવાય બધા ય દર્શનવાળાઓ સમકિતવંત ગણાશે, પરંતુ જૈનશાસનની પ્રણાલિકા પ્રમાણે તે વિચાર સુસંગત નથી. આત્માદિ પદાર્થોને માને તેટલા માત્રથી તેમાં આસ્તિકય માનવાનું નથી, પરંતુ અનંતજ્ઞાની જિનેશ્વર-દેવોએ કેવલજ્ઞાનના બલવડે એ આત્માદિ પદાર્થોનું જે પ્રમાણે યથાર્થ નિરૂપણ કરેલ છે તે પ્રમાણે જ તે આત્માદિ પદાર્થોને માનવા તેનું નામ 'આસ્તિકય' છે.

### સર્વ દ્રવ્ય—પર્યાયો જાણવાની શક્તિ કેવલજ્ઞાનમાં જ હોય.

આત્માદિ સર્વ પદાર્થોનું યથાર્થ અને સંપૂર્ણ જાણપણું તો જ્યારે સ્વ—આત્મામાં કેવલજ્ઞાન—કેવલદર્શનગુણ પ્રગટ થાય ત્યારે જ થઇ શકે છે. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચારે ય જ્ઞાનો ભલે પોતપોતાની મર્યાદામાં ઉત્કૃષ્ટતયા પ્રગટ થયાં હોય તો પણ તે ચારે ય જ્ઞાનો ક્ષાયોપશમિક ભાવના હોવાથી લોકાલોકવર્ત્તી ત્રૈકાલિક ભાવોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપૂર્ણપણે જાણવા માટે શક્તિસંપન્ન નથી, એ ચારેય જ્ઞાનોવડે આ આત્માએ જેટલું જાણેલું છે તે અપેક્ષાએ નહિં જાણેલું અનન્તગુણ બાકી છે. ક્ષાયોપશમિક ભાવે પ્રગટ થયેલી જ્ઞાનશક્તિ ગમે તેવી ઉત્કૃષ્ટ હદની હોય તો પણ તે શક્તિ વધુમાં વધુ અસંખ્ય દ્રવ્યો તેમજ પ્રત્યેક દ્રવ્યના અસંખ્ય ભૂત, ભાવિ પર્યાયો જાણવા માટે સમર્થ છે, પરંતુ અનન્ત દ્રવ્યો તેમજ પ્રત્યેક દ્રવ્યના અનન્ત પર્યાયો પ્રત્યક્ષ જાણવાની શક્તિ ક્ષાયોપશમિક ભાવે પ્રગટ થયેલા જ્ઞાનમાં નથી. એ અનંત દ્રવ્યો તેમજ અનંત પર્યાયો જાણવાની શક્તિ ક્ષાયિક ભાવે પ્રગટ થયેલા કેવલજ્ઞાનમાં જ હોય છે. કોઈપણ ગુણ સંબંધી ક્ષાયોપશમિક ભાવ એ અપૂર્ણ હોય છે; જ્યારે ક્ષાયિક ભાવ એ ગુણની પૂર્ણતાસૂચક છે.

## આસ્તિકય અને સમ્યગ્દર્શનનો અન્વય-વ્યતિરેક સંબંધ.

સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયોનું યથાર્થ જ્ઞાન તો યદ્યપિ ઉપર જણાવ્યા પ્રમાણે કેવલજ્ઞાનવડે જ થાય છે એ નિર્વિવાદ છે, તો પણ જે આત્મામાં દર્શનમોહનો ઉપશમ–ક્ષયોપશમ કિંવા ક્ષય થયો હોય તે આત્મામાં કેવલજ્ઞાનના અંશ સરખું એવું એક રુચિ સ્વરૂપલોકોત્તર જ્ઞાન પ્રગટ થાય છે કે તે જ્ઞાનવડે ભલે તે આત્મા લોકાલોકવર્ત્તી ત્રૈકાલિક ભાવોનું યથાર્થ પ્રત્યક્ષ દર્શન ન કરી શકતો હોય તો પણ" અનંતજ્ઞાની જિનેશ્વરદેવોએ જીવાજીવાદિ પદાર્થો જે પ્રમાણે કહ્યાં છે તે યથાર્થ જ છે, નિઃશંક છે અને સત્ય છે." આવા પ્રકારનું સચોટ મન્તવ્ય તે આત્મામાં પ્રગટ થાય છે, જેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે, અને એ સમ્યગ્દર્શન ગુણ જે આત્મામાં પ્રગટ થયો હોય તે આત્મામાં 'આસ્તિકય' લક્ષણ પણ અવશ્ય હોય છે. સમ્યગ્દર્શન અને આસ્તિકય એ બન્નેનો અન્વયવ્યતિરેક સંબંધ છે. જ્યાં જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં આસ્તિકય અવશ્ય હોય, જ્યાં આસ્તિકય હોય ત્યાં સમ્યગ્દર્શન પણ અવશ્ય હોય, જ્યાં આસ્તિકય નથી ત્યાં સમ્યગ્દર્શન પણ નથી અને જ્યાં સમ્યગ્દર્શન નથી ત્યાં આસ્તિકય પણ નથી.

બૌદ્ધ, સાંખ્ય, વૈશેષિક વિગેરે દાર્શનિકો આત્માદિ પદાર્થોને માનવાવાળા હોવા છતાં તેઓના તે માન્યતા અનંતજ્ઞાની જિનેશ્વરદેવકથિત આત્માદિ પદાર્થોના સ્વરૂપની અપેક્ષાએ વિરુદ્ધ તેમજ પૂર્વાપર વિસંવાદી હોવાથી તેઓને 'આસ્તિકય' લક્ષણવાળા ગણવામાં નથી આવતા, અને 'આસ્તિકય'ના અભાવે તેઓ સમકિતવંત પણ નથી હોઇ શકતા.

## 'આસ્તિકય' વિનાના શમસંવેગાદિ સમ્યક્ત્વના લક્ષણો નથી.

સમ્યગ્દર્શનના શમસંવેગાદિ જે પાંચ લક્ષણોના નિર્દેશ કરવામાં આવ્યા છે, તે પાંચે ય લક્ષણો યદ્યપિ સમકિતવંત આત્મામાં હોવા જ જોઇએ, તથાપિ શમ–સંવેગાદિ પ્રથમના ચાર લક્ષણો કદાચ કોઇ તેવા કર્મોદયજન્ય નિરુપાયના પ્રસંગોમાં ન્યૂનપણે દૃષ્ટિગોચર થાય તેટલા માત્રથી સમ્યગ્દર્શનમાં ક્ષતિ માનવાનું સાહસ કરવું ઉચિત નથી, પરંતુ જેનું નિરૂપણ ચાલે છે તે 'આસ્તિકય' નામના પંચમ લક્ષણમાં એક અક્ષર માત્ર પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરુચિ–અશ્રદ્ધાન થાય તો તે આત્મા સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થઇ જાય છે. કોઇ અપેક્ષાએ એમ કહેવામાં આવે કે–"આસ્તિકય વિનાના શમ–સંવેગાદિ લક્ષણો આત્મિક વિકાસ માટે નિરર્થક છે" તો તે કથન અસંગત નથી.

## 'આસ્તિકય'નો પ્રભાવ.

જે આત્મામાં 'આસ્તિકય' લક્ષણ બરાબર છે તે આત્મા સંયોગવશાત્ કદાચ ક્રોધી બની જશે તો પણ ક્રોધને સારો તો નહિં જ માને, બલકે આવેલા ક્રોધને અંગે અમુક સમય બાદ તેને પશ્ચાતાપનો પ્રસંગ ઉપસ્થિત થશે, 'આસ્તિકય'સંપન્ન આત્મા કર્મની પરાધીનતામાં મોક્ષની અભિલાષાને ગૌણ રાખી પુદ્ગલાનંદી બનવા સંસારની લાલસાવાળો ઉપલક દૃષ્ટિએ એક વખત દેખાતો હશે તો પણ તે આત્માની આંતરજાગૃતિ મોક્ષાભિલાષાની જ હોવાથી સહજ નિમિત્ત મળતાની સાથે બાહ્ય દૃષ્ટિએ નજરમાં આવતી સંસારલાલસાને તૂર્ત જ તે તિલાંજલિ આપી દેવા તૈયાર થઇ જશે. ચરિતાનુયોગમાં આવતા મહાન્ આત્માઓના પ્રસંગો જો લક્ષ્યમાં લેવાય અને બરાબર બારીકાઇથી વિચારાય તો આ બાબત જરૂર ખ્યાલમાં આવે તેવી છે.

## નંદિષેણ અને આષાઢાભૂતિ.

વેશ્યાને ઘેર વસનાર **નંદિષેણજી** હંમેશા દશ દશ આત્માઓને પ્રતિબોધ આપે અને મુક્તિમાર્ગે સંચરતા કરે તે ઉપરાંત પ્રતિબોધ નહિં પામનાર સોનીના પ્રસંગમાં કહેવાયેલા વેશ્યાના મશ્કરીના વચનોનું નિમિત્ત મળવાની સાથે ઓઘો–મુહપત્તિ લઇને પુનઃ પ્રભુ પાસે આવી જાય એ 'આસ્તિકય' લક્ષણની જાગૃતિમય અંતર્જ્યોતિ વિના બનવું અસંભવિત છે. નાટકણીના મોહમાં મુગ્ધ બનેલા **આષાઢાભૂતિ** ઓઘો–મુહપત્તિ ગુરુદેવને અર્પણ કરવા આવે અને ગુરુમહારાજને એ ધર્મધ્વજ અર્પણ કર્યા બાદ રખેને ગુરુને પૂંઠ ન પડે એ આશયથી પાછા પગલે ઉપાશ્રયના દ્વારમાંથી બહાર નીકળે, બહાર નીકળતાં નીકળતાં પણ "પરમ ઉપકારી ચિંતામણિ રત્નથી પણ અધિક કિંમતનું ચારિત્ર અર્પણ કરનાર, ભવોદધિમાંથી પાર ઉતારનાર આ ગુરુદેવના ચરણકમલની સેવા પુનઃ મને કયારે પ્રાપ્ત થશે" એવી સુંદર ભાવના ભાવે અને નાટકણીને ત્યાં ગયા બાદ નાટકણીએ કરેલા મદિરાપાનના નિમિત્તને પ્રાપ્ત કરવાની સાથે જ એકદમ વૈરાગ્યમય બની ફેર ગુરુદેવ પાસે આવવા માટે ચાલી નીકળે એ અંતરમાં જાગતા સમ્યગ્દર્શન સહચારિ આસ્તિકય વિના ઘટવું અસંભવિત છે. કદાચિત્ ચારિત્રમોહના ઉદયથી આત્મા આચારપતિત બની જાય પરંતુ દર્શનમોહના ઉપશમાદિને અંગે પરિણામ સુંદર વર્તતા હોય અર્થાત્ પરિણામપતિત ન થવાયું હોય ત્યાં સુધી તે આત્માની ઉન્નતિ કષ્ટસાધ્ય નથી. **આસ્તિકયના પ્રભાવે સહેજના નિમિત્તને પામી આચારપતિત થયેલો આત્મા પુનઃ આચારસંપન્ન બની જાય છે.** આચારપતિતપણાની સાથે પરિણામપતિતપણાનો જો યોગ થયો તો તે આત્માનો પુનઃ આત્મવિકાસ થવો મુશ્કેલ બને છે. આચારપતિતપણું થવા છતાં પરિણામપતિત ન થવા દેનાર જો કોઇ પણ હોય તો સમ્યગ્દર્શન સહચારી આસ્તિકય લક્ષણ જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભલે બધું હોય પરંતુ આસ્તિકયમાં ખામી તો સમ્યક્ત્વમાં પણ ખામી.**

શમ, સંવેગ, નિર્વેદ અને અનુકમ્પા એ ચારે ય લક્ષણો પૂર્ણ કોટિએ કોઇ આત્મામાં દષ્ટિગોચર થતા હોય પરંતુ જો 'આસ્તિક્ય' લક્ષણમાં ખામી હોય તો શમ-સંવેગાદિ ઉચ્ચ કક્ષાના હોવા છતાં તે આત્મામાં સમ્યગ્દર્શનનો પ્રાયઃ અભાવ હોય છે. એક આત્મા દેવાધિદેવ અરિહંત પરમાત્માને શુદ્ધ દેવ તરીકે, પંચ મહાવ્રતપાલક સાધુમુનિરાજને શુદ્ધ ગુરુ તરીકે અને અરિહંતમહારાજાએ કહેલા દયાપ્રધાન ધર્મને શુદ્ધ ધર્મ તરીકે માનતો હોય, પરંતુ એ અનંત ઉપકારી અરિહંત મહારાજાએ નિરૂપણ કરેલા જીવાજીવાદિ પદાર્થોને અથવા તેઓના વચનો પૈકી એક પણ અક્ષરને ન માનતો હોય તો તે આત્મા મિથ્યાદષ્ટિ કહેવાય છે, અર્થાત્ એક અક્ષર જેટલા વચનમાં પણ અશ્રદ્ધા રાખનાર આત્માને સમકિત હોઈ શકતું નથી, કારણ કે એક પદ કિંવા એક અક્ષરમાં પણ જો અશ્રદ્ધાન થાય તો પરિણામે દેવાધિદેવ અરિહંત ભગવંતમાં, તેઓના સર્વજ્ઞપણામાં અને તેઓએ અર્થસ્વરૂપે પ્રકાશેલા પદાર્થનિરૂપણમાં અવિશ્વાસ ઉત્પન્ન થવાનો પ્રસંગ આવે છે. એવી સ્થિતિમાં કોઇપણ રીતે સમ્યગ્દર્શન ટકી શકે જ નહિં.

**જમાલિનું ઉદાહરણ.**

જમાલિ શમ-સંવેગાદિ પ્રથમના ચાર લક્ષણોથી રહિત હતા, તેમ તેઓના ત્યાગ-વૈરાગ્યમય જીવનને જાણનાર નહીં કહી શકે. જમાલિ અરિહંત સિવાય બીજા કોઇને દેવાધિદેવ તરીકે માનતા હતા, અથવા શુદ્ધ સાધુ-નિર્ગ્રન્થ અણગાર સિવાય અન્યમાં ગુરુબુદ્ધિ ધરાવતા હતા, અથવા અરિહંત પ્રતિપાદિત દયાપ્રધાન વિશુદ્ધ ધર્મ સિવાય અન્ય ધર્મમાં તેઓનો આદર હતો એમ કોઇ પણ સુજ્ઞ વ્યક્તિ નહિં કથન કરી શકે. આ રીતિએ શમ-સંવેગાદિ સમ્યગ્દર્શનના પ્રાથમિક ચાર લિંગોનો સદ્ભાવ હોવા છતાં તેમજ શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મમાં દેવગુરુધર્મનું મન્તવ્ય હોવા છતાં ફક્ત 'कडेमाणे कडे, चलेमाणे चलिए' ઇત્યાદિ અમુક પદોને અંગે વિરુદ્ધ મન્તવ્યનો યોગ થવાથી તેઓને મિથ્યાદષ્ટિ સાથે નિહ્નવનું ઉપનામ પ્રાપ્ત થયું. આ ઉપરથી એ નક્કી થાય છે કે-શમ, સંવેગાદિ પાંચે ય લક્ષણોમાં આસ્તિકય એ સમ્યગ્દર્શનનું પ્રધાન લક્ષણ છે. ભગવાન્ હેમચંદ્રસૂરિ મહારાજાએ એ કારણથી જ " रूचिर्जिनोक्ततत्त्वेषु सम्यक् श्रद्धान मुच्यते " એ સમ્યગ્દર્શનના લક્ષણને સર્વવ્યાપક કહ્યું છે અને या देवेदेवताबुद्धिर्गुरौ च गुरुतामतिः। धर्मे च धर्मधीः शुद्धा सम्यक्त्वमिदमुच्यते ॥ १ ॥ આ શ્લોકમાં કહેલા સમ્યક્ત્વના લક્ષણને દેશવ્યાપક (શ્રાવકોની અપેક્ષાએ) લક્ષણ કહેલ છે.

ચાલુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં:-પંન્યાસશ્રી સમુદ્રવિજયજી મહારાજ.

# ઉપદેશક પુષ્પો.

( ગતાંક પૃષ્ઠ ૧૧૭ થી શરૂ )

## આલોચના

"અનાદિકાલથી અવ્યવહારરાશિમાં વસતા મેં જે અનંત જંતુઓને દુભવ્યા તે ખમાવું છું. વ્યવહારરાશિમાં પૃથ્વીકાયમાં આવતાં લોહ, પત્થરાદિ થઇને મેં જેમને હણ્યા તેમને ખમાવું છું; નદી, સમુદ્ર અને કૂવાદિમાં જલરૂપે મેં જે આશ્રિત જંતુઓને હણ્યા તેમને ખમાવું છું. આગ, વિજળી, દવ અને દીપ વિગેરેના રૂપથી અગ્નિકાય થઇને મેં જે જંતુઓને હણ્યા તેમને ખમાવું છું. મહાવૃષ્ટિ, હિમ અને ગરમ રજથી દુર્ગંધી આપતા પવનરૂપે મેં જેમને સતાવ્યા (હોય) તેમને ખમાવું છું. દંડ, ધનુષ્ય, બાણ તથા રથાદિરૂપે વનસ્પતિકાયમાં મેં જે જીવોને પીડયા તેમને ખમાવું છું. પછી કર્મયોગે ત્રસપણાને પામી રાગ, દ્વેષ અને મદથી અંધ બનીને જે જીવોને મેં સતાવ્યા તેમને ખમાવું છું. તે બધા જંતુઓ સર્વત્ર મારા અપરાધને ક્ષમા કરો. સર્વ પ્રાણીઓ પ્રત્યે મારે મૈત્રી છે, કોઇ સાથે મારે વૈર નથી. મહાવ્રતોમાં (વ્રતોમાં) મેં કોઇ અતિચાર લગાડ્યો હોય તો ગુરુસાક્ષીએ મારું તે દુષ્કૃત મિથ્યા થાઓ. અવ્યવહારરાશિમાં અનંત જંતુઓના સંઘટ્ટનથી મારું કર્મ ક્ષીણ થયું તે પીડાની પણ હું અનુમોદના કરું છું. તીર્થંકરોના બિંબ, ચૈત્ય, કળશ અને મુગટ વિગેરેમાં પૃથ્વીકાયનું મારું શરીર ઉપયોગમાં આવ્યું હોય તેને હું અનુમોદું છું. જિનના સ્નાત્રપાત્રોમાં દૈવયોગે હું જે જળરૂપે કામ લાગ્યો તેની અનુમોદના કરૂં છું. ધૂપના અંગારમાં કે દીપકમાં જિનેશ્વરોની આગળ હું જે તેજસ્કાયરૂપે ખપ લાગ્યો તેને હું અનુમોદું છું. પ્રભુ પાસે ધૂપને ફેલાવવામાં તથા તીર્થમાર્ગે સંઘ થાકી જતાં વાયુકાયરૂપે હું જે કામ લાગ્યો તેની અનુમોદના કરું છું, મુનિઓના પાત્ર કે દંડમાં તથા જિનપૂજાના પુષ્પોમાં હું વૃક્ષરૂપે જે કામ લાગ્યો તેને હું અનુમોદું છું. વળી સત્કર્મના યોગે જિનધર્મને ઉપકારી એવા ત્રસકાયરૂપે હું થયો તે અનુમોદું છું. ઇત્યાદિ અનંતભવોમાં ઉપાર્જેલાં દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના કરૂં છું. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ મને શરણરૂપ થાઓ ઇત્યાદિ."

卐 卐 卐

"અહો ! સમસ્ત જ્ઞાનની હાનિ કરનાર આ તે કેટલો બધો મોહ છે? કે જેના પ્રભાવથી ભવ્યોના હૃદયમાં અનિષ્ટ ભાવ તે સદ્ભાવરૂપે પરિણમે છે. વિમાનમાં જાણે દેવાંગના બેઠી હોય તેમ હીંચકા પર બેઠેલી રમણીને જુએ છે પણ અંધજનો ધૈર્યનો ધ્વંસ કરનારી પાશમાં બાંધેલી એ શિલા છે એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




જોઇ શકતા નથી. મુગ્ધજનો પોતાને હીંચકામાં ડોલતા જાણે છે, પણ એણે શું કર્મો કર્યાં છે. એને કઇ ગતિમાં લઇ જવો ? એમ તુલના કરવાને વિધાતાએ એ કાંટો માંડયો છે તેમ સમજી શકતા નથી. અશ્રુજળથી રક્ત થયેલ પ્રિયાના નેત્રને રાગસાગરના તરંગ સમાન સમજે છે, પણ તે જડો પ્રમાદાગ્નિથી દગ્ધ થયેલ પુણ્ય ભવનની જ્વાલા સમજતા નથી. મૂર્ખજનો ક્રીડાના જલકણોને પોતાના શરીર પર મોતીઓ માની લે છે, પણ વિષયથી તપ્ત થયેલ કલ્યાણરૂપ શરીર પર એ ફોલ્લાં છે એમ સમજતા નથી. અલ્પબુદ્ધિ લોકો ગીતને કામશાસ્ત્રના ટંકાર સમાન માને છે, પરંતુ તે દુર્ગતિદ્વારના કમાડ ઉઘાડવાનો ધ્વનિ છે એમ સમજતા નથી. અજ્ઞજનો ગીતગાનમાં પ્રશંસા કરતાં મસ્તક હલાવે છે પણ એ મોટો પ્રમાદ છે એવો નિષેધ કરવા માટે તે શિર કંપે છે એમ કેમ કોઇ જાણતા નથી ! ત્રણે લોકની સમૃદ્ધિ આપતાં પણ નરજન્મ ન મળે. અહો ! તે આવી રીતે વૃથા હારી જાય છે, એ પણ મોટામાં મોટો મોહ છે. એ પ્રમાણે મૂઢજનો સંસારને સર્વથા વધારે છે, પરંતુ સુજ્ઞ મહાત્માઓને તો એ તજવા યોગ્ય જ છે.”

卐 卐 卐

“હે ભવ્યજનો ! અતિશય ભાગ્યથી જ આ નરભવ પ્રાપ્ત થાય છે માટે તે મનુષ્ય–જન્મ પામી સંસારનો ત્યાગ કરીને તમે નિવૃત્તિ (મુક્તિ) પામો, કેમકે જંતુથી વ્યાપ્ત પીપળાંના ફળને જેમ બુધજનો સેવતા નથી તેમ ઘણા શોક અને દુઃખથી ભરપૂર આ સંસારનો મોહ કરતા નથી. મોક્ષને માટે તત્પર થયેલા ભવ્યોએ શાશ્વત સુખની ભાવના ભાવવી કે જેથી શુભાત્માઓને સંસારના દુઃખો પ્રાપ્ત જ ન થાય. જે મોક્ષમાં અનંત શક્તિ, જ્ઞાન અને આનંદ રહેલાં છે, તો સંસારસુખની ભ્રાંતિથી તે મોક્ષને માટે કોણ ઉદ્યમ ન કરે ? જે સંસારસુખના સ્વાદથી મોક્ષસુખનો અનાદર કરે છે તે દુર્બુદ્ધિ માણસ કાદવ ખાવામાં મસ્ત બની અમૃતની અવગણના કરે છે. સંસારમાં પરમદુઃખ છે અને મોક્ષમાં પરમસુખ છે, એમ સત્ય સમજીને ભવ્યોએ મોક્ષ સાધવા તત્પર થવું. વૃક્ષના બીજની જેમ તેનું આદ્ય કારણ ધર્મ છે, માટે સુજ્ઞ જનોએ પ્રમાદ વિના તેમાં પ્રયત્ન કરવો. એ ધર્મ સાધુ અને શ્રાવક આશ્રયી બે પ્રકારે છે. તે બન્ને ધર્મથી અલ્પકાળે અને લાંબા કાળે મોક્ષ મળે છે. તેમાં સદાને માટે સર્વથકી સાવદ્ય યોગની જે વિરતિને નિર્દોષ ચારિત્રરૂપ સાધુ-ધર્મ છે. જે દેશથકી સાવદ્ય યોગની વિરતિ હોય તે શ્રમણોપાસક ગૃહસ્થોનો ધર્મ છે. એ દ્વિવિધ ધર્મ શુદ્ધ શ્રદ્ધાથી આચરવો. તે શ્રદ્ધા સુગુરુથી કે શ્રવણ કરવામાં આવેલ તત્ત્વોપદેશથી પ્રાપ્ત થાય છે અને તે ઉપદેશ પણ આસ્તિકપણાના પાત્રમાં ફળે છે, બીજામાં ન ફળે. શુદ્ધમતિ વિગેરે મનનાં પરિણામ વિવિધ હોય તો મનોભાવ પ્રમાણે ફળે છે.”

ચાલુ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક–મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક)

# નિશ્ચય અને વ્યવહારથી બાર વ્રતનું સ્વરૂપ.

[ શ્રી વીતરાગ શાસનમાં વ્યવહાર અને નિશ્ચય એ બન્ને ય નય પ્રમાણ છે. જેવી રીતે સુજ્ઞ શ્રાવકો વ્યવહારથી વ્રતસ્વરૂપને જાણે છે, તેવી રીતે નિશ્ચયથી–પરમાર્થથી પણ વ્રતસ્વરૂપને જાણવું જોઇએ. જ્યાં સુધી પરમાર્થથી વસ્તુસ્વરૂપનું જ્ઞેયપણું નથી હોતું ત્યાં સુધી તેના ઉપાદેયનો ઇચ્છક ભવ્યાત્મા પણ પોતાના અજ્ઞપણાના અંગે તેમાં પ્રવૃત્તિ કરવા શક્તિમાન્ થઇ શકતો નથી. એક વસ્તુ ઉપાદેયમાં મૂકી શકાય કે નહિ તે એક જુદી વાત છે, કારણ કે એ સૌ સૌના ક્ષયોપશમ ઉપર આધાર રાખે છે, કિન્તુ જ્ઞેયપણું એ કોઇ ને કોઇ વખતે તથાપ્રકારનો વિશિષ્ટ ક્ષયોપશમ થતાં ઉપાદેયત્વમાં ઉપયોગી થઇ શકે છે. અન્યથા તેમ બની શકતું નથી. અત્ર બન્નેયનું ટૂંક સ્વરૂપ ગ્રંથાધારે લઇ આપવામાં આવેલું છે. ]

एकैकं व्रतमप्येषु, द्विद्विभेदेन साधितम्।
तद्विज्ञाय सुधीश्राद्धैः, रुचिः कार्याव्रतादरे॥ १॥

" બાર વ્રતો માંહેલા એક એક વ્રત નિશ્ચય અને વ્યવહાર એવા બે બે ભેદથી કહેલા છે. તે બરાબર જાણીને સદ્બુધ્ધિવાળા શ્રાવકોએ તે વ્રતોને આદરવા રુચિ કરવી. "

૧. જે બીજાના જીવને પોતાના જીવની જેમ ક્ષુધાદિ વેદનાથી પોતા સમાન જાણી તેની હિંસા કરે નહિ એ " વ્યવહારનયની અપેક્ષાએ પહેલું વ્રત છે. " અને આ પોતાનો જીવ ( આત્મા ) અન્ય જીવની હિંસા કરવાવડે કર્મ બાંધી દુઃખ પામે છે, તેથી પોતાના આત્માને કર્માદિકનો વિયોગ પમાડવો યોગ્ય છે. વળી આ આત્મા અનેક સ્વાભાવિક ગુણ[illegible] છે, તેથી હિંસાદિવડે કર્મગ્રહણ કરવાનો તેનો ધર્મ નથી, એવી જ્ઞાનબુધ્ધિથી હિંસાના ત્યાગરૂપ આત્મગુણને ગ્રહણ કરવો એ " નિશ્ચય નયની અપેક્ષાએ પહેલું અહિંસા વ્રત છે. "

૨. લોકનિંદિત એવા અસત્ય ભાષણથી નિવૃત્ત થવું " એ વ્યવહારથી બીજું વ્રત છે." અને ત્રિકાળજ્ઞાની ભગવંતે કહેલ જીવ, અજીવ ( ચેતન–જડ )નું સ્વરૂપ અજ્ઞાનવડે વિપરીત કહેવું અને પરવસ્તુ જે પુદ્ગલાદિક છે તેને પોતાની કહેવી તે જ ખરેખર " મૃષાવાદ " છે, તેનાથી વિરમવું તે ' નિશ્ચયથી બીજું વ્રત છે. ' આ વ્રત સિવાય બીજા વ્રતોની વિરાધના કરે તેનું ચારિત્ર જાય છે, પણ જ્ઞાન તથા દર્શન રહે છે; પરંતુ નિશ્ચય મૃષાવાદથી વિરાધિત થતાં જ્ઞાન–દર્શન ને ચારિત્ર ત્રણે જાય છે.

૩. જે અદત્ત એવી પરવસ્તુ ધનાદિક લે નહિ, તેનું પ્રત્યાખ્યાન કરે તે " વ્યવહારથી ત્રીજું અદત્તાદાન વિરમણ વ્રત છે. " અને જે દ્રવ્યથી અદત્ત વસ્તુ ન લેવા ઉપરાંત પુણ્યતત્ત્વના બેંતાળીશ ભેદ પ્રાપ્ત કરવાની ઇચ્છાએ ધર્મકાર્ય કરે છે અને પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો, જ્ઞાનાવરણાદિ આઠ કર્મની વર્ગણા વિગેરે પરવસ્તુ ગ્રહણ કરવાની ઇચ્છા કરતો નથી–તેનો નિયમ કરે છે તે " નિશ્ચયથી ત્રીજું વ્રત છે. "

૪. શ્રાવકોને સ્વદારાસંતોષ અને પરસ્ત્રીનો ત્યાગ તથા સાધુને સર્વ સ્ત્રીઓનો ત્યાગ એ " વ્યવહારથી ચોથું વ્રત છે. " અને વિષયની અભિલાષા, મમત્વ અને તૃષ્ણાનો ત્યાગ એ ' નિશ્ચયથી ચોથું વ્રત છે. ' અહીં એટલું સમજવું કે–બાહ્યથી સ્ત્રીનો ત્યાગ કર્યા છતાં અંતરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની લોલુપતા હોય છે તો તેને વિષય સંબંધી કર્મનો બંધ થયા કરે છે.

૫. શ્રાવકોને નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરવું અને મુનિઓને સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો તે "વ્યવહારથી પાંચમું વ્રત છે" અને ભાવકર્મ જે રાગદ્વેષ અને અજ્ઞાન તથા દ્રવ્યકર્મ આઠ પ્રકારના કર્મ તથા દેહ તથા ઇંદ્રિયના વિષયોનો ત્યાગ એ "નિશ્ચયથી પાંચમું વ્રત છે." કર્માદિ પરવસ્તુ પર મૂર્ચ્છાનો ત્યાગ કરવાથી જ ભાવથી પાંચમું વ્રત થાય છે. કારણ કે શાસ્ત્રકારે મૂર્ચ્છા( આસક્તિ-મમત્વ )ને જ પરિગ્રહ કહેલો છે. 'मूच्छा परिग्गहो वुत्तो' ઇત્યાદિ વચનાત્.

૬. છ દિશાએ જવા આવવાનું પરિમાણ કરવું "તે વ્યવહારથી છઠ્ઠું વ્રત છે" અને નારકાદિ ગતિરૂપ કર્મના ગુણને જાણી તે પ્રત્યે ઉદાસીભાવ રાખવો અને સિધ્ધ અવસ્થા પ્રત્યે ઉપાદેય ભાવ રાખવો એ નિશ્ચયથી છઠ્ઠું વ્રત છે.

૭. ભોગોપભોગ વ્રતમાં સર્વ ભોગ્ય વસ્તુનું પરિમાણ કરવું એ "વ્યવહારથી સાતમું વ્રત છે." તથા વ્યવહાર નયના મતે કર્મનો કર્ત્તા અને ભોકતા જીવ જ છે અને નિશ્ચય નયને મતે કર્મનું કર્તાપણું કર્મને જ છે; ( પણ જીવ આત્માને નથી )

"પુદ્દગલ કર્માદિકતણો કર્તા વ્યવહારે,
કર્ત્તા ચેતન કર્મનો નિશ્ચય સુવિચારે."

પૂ. ઉપાધ્યાયજી

કારણ કે મન--વચન, કાયાના યોગ જ કર્મના કર્ત્તા છે, તેમ ભોકતાપણું પણ યોગમાં જ રહેલું છે. અજ્ઞાને કરીને જીવનો ઉપયોગ મિથ્યાત્વાદિ કર્મ ગ્રહણ કરવાના સાધનમાં મળે છે. પરમાર્થ વૃત્તિએ તો જીવ કર્મના પુદ્દગલોથી ભિન્ન છે અને જ્ઞાનાદિ ગુણોનો કર્ત્તા અને ભોકતા છે. પુદ્દગલો જડ, ચલ અને તુચ્છ છે. વળી જગતના અનેક જીવોએ તે ભોગવી ભોગવીને ઉચ્છિષ્ઠ (એઠા) થયેલા ભોજનની જેમ મૂકી દીધેલા છે. તેવાં પુદ્દગલોને ભોગ-ઉપભોગપણે ગ્રહણ કરવાનો જીવનો ધર્મ નથી. આ પ્રમાણે ચિંતન કરી તેથી વિરમવું તે "નિશ્ચયથી સાતમું વ્રત છે."

૮. પ્રયોજન વિનાના પાપકારી આરંભથી વિરામ પામવું તે "વ્યવહારને આશ્રી આઠમું અનર્થદંડવિરમણ વ્રત છે." અને મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એના ઉત્તરભેદ સત્તાવન જે કર્મબંધના હેતુ છે તેનું નિવારણ કરવું તે "નિશ્ચયથી અનર્થદંડવિરમણ નામે આઠમું વ્રત છે."

૯. આરંભના કાર્ય છોડી સામાયિક કરવું તે "વ્યવહારથી નવમું સામાયિક વ્રત છે" અને જ્ઞાનાદિ મૂળ સત્તાધર્મવડે સર્વ જીવોને સરખા જાણી સર્વને વિષે સમતા પરિણામ રાખવા તે "નિશ્ચયથી નવમું સામાયિક વ્રત છે"

૧૦. નિયમિત ક્ષેત્રમાં સ્થિતિ કરવી તે "વ્યવહારથી દશમું દેશાવગાશિક વ્રત છે" અને શ્રુતજ્ઞાનવડે જીવાસ્તિકાય આદિ ષટ્ દ્રવ્યનું સ્વરૂપ ઓળખી ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યમાં ત્યાજ્ય બુધ્ધિ રાખી જ્ઞાનમય જીવનું ધ્યાન કરવું, તેમાં સ્થિતિ કરવી તે "નિશ્ચયથી દશમું દેશાવગાશિક વ્રત છે."

૧૧. અહોરાત્ર સાવદ્ય વ્યાપારને છોડી સ્વાધ્યાય ધ્યાનમાં પ્રવૃત્તિ કરવી તે "વ્યવહારથી અગિયારમું પૌષધ વ્રત" છે. અને આત્માના ગુણનું જ્ઞાનધ્યાનાદિવડે પોષણ કરવું તે "નિશ્ચયથી અગિયારમું વ્રત છે"

૧૨. પૌષધના પારણે અથવા હંમેશા સાધુ અને શ્રાવકોને અતિથિસંવિભાગ કરી ( દાન દઇ ) ભોજન કરવું તે "વ્યવહારથી બારમું અતિથિસંવિભાગ વ્રત છે" અને પોતાના આત્માને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ બીજાને જ્ઞાનાદિકનું દાન કરવું, પઠન-પાઠન, શ્રવણ વિગેરે કરવું તે "નિશ્ચયથી અતિથિસંવિભાગ વ્રત" છે.

આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહાર બન્ને ભેદે કરી સહિત બાર વ્રત પાંચમે ગુણઠાણે રહેલા શ્રાવકોને મોક્ષ આપનારા થાય છે, અને એકલા વ્યવહારથી અંગીકાર કરેલા બાર વ્રત નિશ્ચયની સાધ્યબુધ્ધિપૂર્વકના હોય તો સ્વર્ગ-સુખને અને પરંપરાએ મોક્ષસુખને આપનારા થાય છે.

વ્યવહારરૂપ કારણ વિના નિશ્ચયરૂપ કાર્યની નિષ્પત્તિ થતી જ નથી અર્થાત્ નિમિત્ત કારણ વિના ઉપાદાન કારણની સિધ્ધિ થતી નથી તેમજ નિશ્ચયની સાધ્યબુધ્ધિ વિનાનો એકલો વ્યવહાર સાચા કારણ ભાવને યોગ્ય કહી પણ શકાતો નથી, જેથી કોઇ કોઇનો અપલાપ કરવો તે મોક્ષનો જ અપલાપ કરવા બરાબર છે. બંને ય નય પ્રમાણ છે અને તે પોતપોતાના ગુણઠાણાને વિષે યોગ્ય જ છે. આ વિષે ઉ૦ ભગવાન યશોવિ૦ કહે છે કે-

**તસ સાધન તું જે જે દેખે,**
**નિજ નિજ ગુણઠાણાને લેખે;**
**તેહ ધરમ વ્યવહારે જાણો,**
**કારજ કારણ એક પ્રમાણો.**

**અર્થ**-તે નિશ્ચય ધર્મનાં જે જે સાધન તું દેખે-જાણે છે, તે તે સાધનો પોતપોતાના ગુણઠાણાને વિષે યોગ્ય જ છે અને તેજ વ્યવહારથી ધર્મ કહેવાય છે, કાર્ય અને કારણ બન્ને ય પ્રમાણ છે-

અન્યત્ર મહર્ષિઓએ ઉપદેશ્યું છે કે-

**केवलं व्यवहारोऽन्तं, नैति नद्योघगामिवत् ।**
**सद्दोत्सर्गोऽप्यगच्छेदाद्,ऋजुगामीव नो मतः ॥१॥**
**यथैवाऽछिन्दता वृक्षं, गृह्यते तस्य तत् फलम् ।**
**व्यवहारमनुलङ्घ्य, धातव्यो निश्चयस्तथा ॥ २ ॥**
**निश्चयस्तत्त्वसारोऽपि, व्यवहारेण निर्वहेत् ।**
**सकलस्याऽपि देवस्य, रक्षा प्राहरिकैर्भवेत् ॥३॥**

**અર્થ**-કેવળ એકલો વ્યવહાર નદીના પાણીના સમૂહના વહનની જેમ મોક્ષના અંતને પમાડતો નથી, તેમ એકલો ઉત્સર્ગ-નિશ્ચય પણ સરલ સીધી રીતે અંતપણાને પમાડે છે એમ માન્યો નથી. તાત્પર્ય એ કે વ્યવહાર અને નિશ્ચય બન્ને સાથે હોય તો જ મોક્ષના અંતને પમાડે છે. ૧

જેમ વૃક્ષને નહિ છેદતા--કાપતા એવા પુરુષ-વડે વૃક્ષનું ફળ ગ્રહણ કરાય છે, તેમ વ્યવહા-રનું ઉલ્લંઘન નહિ કરીને, નિશ્ચયને ધ્યાવો જોઇએ-અવલંબન લેવું જોઇએ. ૨

નિશ્ચય નય એ તત્ત્વના સારરૂપ હોવા છતાં વ્યવહારવડે તેનો નિર્વાહ થાય છે. જેમ સઘળા માલીકની રક્ષા નોકરોથી થાય છે તેમ વ્યવ-હાર વિના નિશ્ચયનું રક્ષણ થઇ શકતું નથી. ૩

## વિનયઃ સાચું આભૂષણ.

આકાશનું ભૂષણ સૂર્ય છે, કમળના વનનું ભૂષણ ભમરો છે. વચનનું ભૂષણ સત્ય છે, ઉત્તમ વૈભવનું-ધનનું ભૂષણ દાન છે, મનનું ભૂષણ મૈત્રી એટલે સર્વ પ્રાણીઓ ઉપર મૈત્રીભાવ રાખવો તે છે, વસંતઋતુનું ભૂષણ કામદેવ છે, સભાનું ભૂષણ સારી નીતિ યુકત વાણી છે અને સમગ્ર ગુણોનું ભૂષણ વિનય છે.

**—સુભાષિત પદ્ય-રત્નાકર, ભાગ ૧લો.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સં:-મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

# માનવને હિતોપદેશ.

હે જીવ! તું અનાદિ કાળથી આ ચોરાશી લક્ષયોનિમાં અજ્ઞાનતાથી ભટકયા કરે છે, અને કામ, ક્રોધ, મોહ, માયાદિ અંતરંગ શત્રુઓથી એવો ફસાઇ ગયો છે કે તને સારાસારની ગમ પડવા દેતા નથી, જેથી અનેક લોકોને ત્રાસ આપી રહ્યો છે તેનું ફલ-અનિષ્ટ તારે ભોગવવું પડશે, તેનો પણ તું વિચાર કરતો નથી. તારા માથે કાળચક્ર ભમી રહ્યું છે તે તને ક્યારે ઝડપી લેશે તે લક્ષમાં લેતો નથી. અને પુત્ર, કલત્ર, લક્ષ્મી વિગેરે પોતાના માનીને બેઠો છે, પણ તે કોઈ તારું નથી તેનો વિચાર પણ તને આવતો નથી. આ શરીર ઉપર મૂર્છા રાખી ધર્મક્રિયાથી પાછો રહે છે. શરીરને ખૂબ સાચવે છે, આત્માને સાચવતો નથી પણ તે શરીર તારું નથી તે ધ્યાનમાં લેતો નથી. આ ભવભ્રમણનો અંત જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ-રત્નત્રયી વિના આવવાનો નથી. તે રત્નત્રયિ પ્રાપ્ત કરવા તારો લેશ માત્ર પ્રયત્ન પણ નથી, તો પછી ભવભ્રમણનો અંત કેવી રીતે આવશે? તે વિચાર કર. પછી તું સદા પાપથી પેટ ભરીને કુવિચારોમાં લીન બની જાય છે. ઘાટ આવે દેવ, ગુરુ અને ધર્મની પણ નિંદા કરી નાહક માનવભવ હારી જવાના કારણો સેવે છે. પ્રમાદને વશ થઈ આત્મચિંતવન એક ક્ષણ પણ કરતો નથી, તો કદાચ કૂતરા, બીલાડા, શિયાલ, સર્પ વિગેરે તિર્યંચોના તથા નરકના ભવો કદાચ તારા શિર પર આવ્યા તો તને તેવા હલકા ભવો ન આવે તેવા ઉપાયો લેવા તને કેમ સૂઝતા નથી? ઉપાયો નહિ કરે ત્યાં સુધી તારું ઠેકાણું નહિ પડે. જેમ ભોજન કર્યા વિના ભૂખ ન મટે, જલપાન કર્યા વિના તૃષા ન મટે, સૂર્ય વિના અંધકાર ન ટળે તેમ દેવગુરુધર્મ વિના દુઃખ ન મટે. તો કોઇ દિવસ આ વાતને ભૂલી જઇશ નહિ. સદ્‌ગુરુના સમાગમ વિના અને તેમના બતાવેલા માર્ગે ચાલ્યા સિવાય તારો છૂટકારો થવાનો નથી, તો હે જીવ! તું ધર્મને, દેવગુરુને સ્વીકારીશ ને બરાબર આદરીશ તો તારું ઠેકાણું પડશે અને તારો ભવ સુધરશે. પ્રભાતે વહેલા ઊઠી દેવગુરુધર્મનું સ્મરણ કર. ધર્મભાવનામાં દૃઢ બન. તેવા શુભ વિચારો આત્મભાવનામાં કરવા, ધર્મને જાણ. જાણીને વિચાર કર. સ્વધન ને પરધનને ઓળખ અને વૈરાગ્ય વસ્તુને જાણ. વૈરાગ્યના તરંગથી ભવ્ય જીવ સદ્‌ગુરુ પાસે સ્વવીર્ય ઉલ્લાસથી ચારિત્રગ્રહણ કરી પંચ મહાવ્રત, આઠ પ્રવચન માતા, દશ પ્રકારના યતિધર્મ, ચરણસીત્તરી, કરણસીત્તરી, બાવીશ પરિસહને જીતવા ઈત્યાદિ ધર્મરાજાની ફોજને સાથમાં લઇ આત્મા અખંડ આનંદનો અનુભવ કરવા હે જીવ! મહાભાગ્યશાળી થા. વૈરાગ્ય ભાવના લાવવાથી મહાભાગ્યશાળી બને છે. હે આત્મા! તું બરાબર દીર્ઘદૃષ્ટિથી ખૂબ ઊંડો વિચાર કરી લેજે. સદ્‌ગુરુનો હિતોપદેશ ગ્રહણ કરજે અને મનન કરજે અને તારા આત્માને સાધી લે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઐતિહાસિક દ્રષ્ટિ.

લેખક—ચોકસી.

**ચાલુ** યુગમાં મોટા ભાગનું અને ખાસ કરી ઊગતી પ્રજાનું સવિશેષ આકર્ષણ કરનાર જો કોઇ વસ્તુ હોય તો તે ઇતિહાસ છે. પાશ્ચિમાત્ય પ્રજાના સંસર્ગથી એ વિષયનું મહત્ત્વ વધુ ને વધુ સમજાવા માંડયું છે. ભારતવર્ષમાં કે એની પ્રાચીન સંસ્કૃતિમાં ઇતિહાસને સ્થાન હતું જ નહિં એમ ઉપરની વાતથી કોઈ હરગીજ ન માને. આપણા પુરાતન ગ્રંથોમાં—પછી ચાહે તો તે જૈન, વેદ કે બૌદ્ધધર્મના હોય—ઈતિહાસની સામગ્રી ભરેલી તો હોય છે જ; પણ ચાલુ યુગની પદ્ધત્તિને અનુરૂપ આવે એવી રચના ન હોવાથી ઘણાખરા લેખકોએ એ કિંમતી વારસાની ઉપેક્ષા કરી ઉતાવળથી એવું જ પ્રમાણપત્ર આપી દીધું જણાય છે કે ધાર્મિક ગ્રંથો એટલે સંપ્રદાયની પ્રશંસા અને ભારોભાર વર્ણનો ને અતિશયોક્તિથી ભરેલા સંગ્રહો. જ્યાં એક વાર આ માન્યતા પગભર બની એટલે એ અણમૂલા સાહિત્યમાંથી વેર–વિખેર પડેલી મુદ્દાની બાબતો શોધવાની વાત તો અભરાઇએ ચઢી અને જાણે એક જ વિચાર વધુ જોર પકડી રહ્યો કે જે કંઈ પાશ્ચિમાત્ય વિદ્વાનોએ આ દેશમાં આવી ઉપર ટપકેના અભ્યાસથી જોયું–જાણ્યું કે વિચાર્યું અને એ ઉપરથી અમુક તારણ નક્કી કર્યું એ જ સાચો, એ જ ઇતિહાસ અને એ જ વજનદાર વાત!

આ પ્રકારની માન્યતા અને વિચારશ્રેણી વર્ષોથી પ્રવર્તી રહેલી દૃષ્ટિગોચર થાય છે અને તેથી તો વિદ્વાન્ ગણાતા માનવીઓએ સંખ્યાબંધ છબરડા વાળ્યાના દાખલા આજે સાહિત્યગ્રંથના પાના ફેરવતાં સહજ જોઈ શકાય છે. આમ છતાં હિંદમાં થોડા સાચા અભ્યાસીઓ પાકયા. તેમના હૈયે પ્રાચીન ભારતવર્ષ અને એની યુગજૂની સંસ્કૃતિ સખત રીતે ચોંટી ગઈ.

તેઓએ પાકી શ્રદ્ધાથી એ પુરાણા પાના વાંચ્યાં. વર્ણન ને વાણીવિસ્તારની તળે એમણે ઘણો કિંમતી ખજાનો નિહાળ્યો. શોધખોળ તેમજ ચાલુ યુગના સાધનો કામે લગાડી, કેટલીક એવી વસ્તુઓ બહાર આણી કે જે પાશ્ચિમાત્ય વિદ્વાનોએ બાંધેલા નિર્ણયથી નિરાળી પડી, છતાં ઇતિહાસનું પીઠબળ એ પાછળ હોવાથી પેલા વિદ્વાનોને પણ સ્વીકારવી પડી. હવે તો આ પ્રયાસ પગભર થઇ રહ્યો છે. મોહન–જે–ડેરો, તક્ષશિલા અને અન્ય સ્થાનોના ખંડિયેરોમાંથી પ્રાપ્ત થયેલ સામગ્રીએ એમાં કિંમતી ફાળો આપ્યો છે અને પૂર્ણ તપાસના અંતે એમાંથી કિંમતી નિર્ણયો પ્રગટ થવાની આશા બંધાઈ ચૂકી છે. આમ ભારતવર્ષ અને એનું સાહિત્ય પુનઃ દુનિયાની નજરે આકર્ષક અને વજન મૂકવા લાયક બન્યું છે.

એ પથરાતા પ્રકાશમાં 'બૌદ્ધ ધર્મની જૈન ધર્મ એ એક નાનકડી શાખા છે' એવું આંગ્લ લેખકોનું મંતવ્ય સાવ પિગળી ગયું છે. ઉભય ધર્મમાં મળતાપણું હોવા છતાં તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાવ જુદા છે એનો સ્વીકાર વિદ્વાનોએ મંજૂર રાખ્યો છે. જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાન અર્થાત્ ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર એકલા જ ઇતિહાસની નજરે એક વાર સાચા જણાતા હતા ત્યાં આજે ત્રેવીશમા પ્રભુ શ્રી પાર્શ્વનાથ પણ ઐતિહાસિક વિભૂતિ તરિકે પુરવાર થઈ ચૂકયા છે અને બાવીશમા નેમિનાથ કે પ્રથમ જિનપતિ શ્રી ઋષભદેવ એ સાવ કલ્પિત વિભૂતિઓ નથી પણ એ પાછળ જે વાતો જોડાયેલી છે એ જોતાં વધુ શોધખોળ કરવામાં આવે તો ઇતિહાસની નજરે પણ સાચી અને સમર્થ વ્યક્તિઓ પુરવાર થાય એવો મસાલો પ્રાપ્ત થઈ રહ્યો છે.

આટલું લંબાણ એક જ હેતુથી કરવામાં આવેલ છે કે માત્ર ઇતિહાસની બુમરાણ કરવા કરતાં અભ્યાસ વધારી આગમના ઉલ્લેખો પર શ્રદ્ધા કેળવી, પૂર્વાચાર્યોના લખાણો પર વિશ્વાસ રાખી, એ સર્વ આજના યુગના માનવીઓને કેવી રીતે પ્રમાણપુરસ્સર ગળે ઉતારી શકાય એના સાધનો મેળવવા કમર કસવાની જે સવિશેષ જરૂર છે એ ધ્યાનમાં આવે.

એ સંબંધમાં શ્રી આપ્પા ભાઉ મગદૂમ તરફથી ભગવાન્ પાર્શ્વનાથ નામાના મરાઠી લઘુ પુસ્તિકામાં જે કેટલાક અભિપ્રાયો સંગ્રહિત કરાયેલાં છે તે રજૂ કરી સંતોષ માનીશું. એ ઉપરથી સહજ જણાય તેમ છે કે જૈનધર્મના કથાનકો સાથે ઇતિહાસનો મેળ સવિશેષ છે. ઊણપ છે માત્ર સાચા શોધકોની. "કલિંગ દેશ( ઓરિસ્સા પ્રાંત )માં આવેલી ઉદયગિરિ, ખંડગિરિ નામની ટેકરીઓમાં જે ગુફાઓ દૃષ્ટિગોચર થાય છે એમાં 'હાથીગુફા' તરિકે ઓળખાતી ગુફામાં કલિંગ સમ્રાટ મહામેઘવાહન ખારવેલના કોતરાવેલા કેટલાક શિલાલેખ છે. ખારવેલ નૃપનો સમય ઈ. સ. પૂર્વે ૨૧૨ નો નિશ્ચિત કરવામાં આવેલ છે. હવે તે ગુફાઓમાં ભગવાન્ પાર્શ્વનાથની મૂર્તિ કોતરેલી ઘણી જગ્યાએ છે તેમજ તેમના ચરિત્ર–પ્રસંગોના આલેખન પણ છે. આમ ત્રણ હજાર વર્ષ પૂર્વે થઇ ગયેલ વિભૂતિ સંબંધી જ્યારે આ જાતના સાધન ઉપલબ્ધ થાય છે ત્યારે એમ તો કોણ કહી શકે કે શ્રી પાર્શ્વનાથ એક ઐતિહાસિક વ્યક્તિ ન હતી? ત્યાંની એક 'ત્રિશૂલ ગુફા'માં ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ છે છતાં એની રચનામાં પાર્શ્વપ્રભુની મૂર્તિ મધ્યસ્થાને છે તેથી એમ અનુમાની શકાય છે કે શ્રી મહાવીરજિનના સમય પૂર્વે અને શ્રી પાર્શ્વજિનના નિર્વાણ પછી તરતમાં આ કોરવાનું કાર્ય થયેલું હોવું જોઇએ.

બંગાળ, બિહાર અને ઓરિસ્સા પ્રાંતમાં જૈનોની માફક અજૈન જાતિઓમાં પણ શ્રી પાર્શ્વનાથનું નામ પ્રચલિત હોઇ, તેમની ભક્તિ કરનાર વર્ગ મળી આવે છે. અરે 'પાર્શ્વનાથનો ધર્મ' એટલે 'જૈનધર્મ' એવી ઓળખ પણ અપાય છે. સરાક જાતિ કે જેની ગણના હિંદુ વિભાગમાં કરવામાં આવે છે તે સામાન્ય રીતે જૈન ધર્મના સિદ્ધાંતોથી અત્યાર પર્યંત અજાણ હોવા છતાં કેવળ શાકાહારી છે અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ વિના બીજા કોઇની ભક્તિ કરતી નથી. વર્ષમાં એક વેળા ખંડગિરિ–ઉદયગિરિમાં એકઠા થઈ પ્રભુજીનો ઉત્સવ કરે છે. શ્રી સમેતશિખર તીર્થ 'પાર્શ્વનાથ હીલ' તરિકે સુવિખ્યાત છે. બૌદ્ધસાહિત્યમાં શ્રી મહાવીર પૂર્વે થયેલાં અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિગ્રંથના નામો ઉપલબ્ધ થાય છે—એ બધા ઉપરથી સહજ સમજાય છે તેમ કે જૈન ધર્મશ્રી મહાવીર પૂર્વે હતો અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ ઐતિહાસિક વ્યક્તિ છે. નીચેના ઉલ્લેખો એ વાતને વધુ વજનદાર બનાવે છે.

'જગતમાં પ્રાચીનતમ ભિક્ષુસંઘ જૈનોએ સ્થાપ્યો છે. એ જોયા પછી જ બૌદ્ધોએ એનું અનુકરણ કર્યું છે.'

પ્રો. રોબર્ટ હ્યૂમ પીએચ. ડી. ધી વર્લ્ડસ લિવિંગ રીલીજીયન્સ

'એ તો નિશ્ચિંત છે કે જૈનધર્મ બૌદ્ધ ધર્મની પહેલાનો છે અને તે મહાવીર પૂર્વે થઇ ગયેલ પાર્શ્વનાથ અગર બીજા કોઈ તીર્થંકરે સ્થાપન કરેલો છે.'

ડો. પી. કે. લદૂ. બી. એ. પીએચ. ડી.

'પાર્શ્વનાથે સ્થાપેલા જૈનધર્મનો પ્રચાર ઉત્તર ભારતમાં વૈશાલીના ક્ષત્રિયો મધ્યે વિશેષ હતો.'

ડો.વિમલ ચરણ લો. એમ. એ.પી.એચ. ડી.

ભગવાન મહાવીરની નિકટવર્તી પૂર્વજ પાર્શ્વનાથ થઇ ગયા કે જેમનો જન્મ ઈ. સ. પૂર્વે ૮૭૭ અને નિર્વાણ ઇ. સ. પૂર્વે ૭૭૭ માનવામાં આવે છે.'

પ્રો. રંગાસ્વામી આયંગાર એમ. એ. 'ભગવાન્ પાર્શ્વનાથ તે જૈનોના ત્રેવીશમા તીર્થંકર છે. તેમનો સમય ઇ. સ. ૮૦૦ પૂર્વે આવે છે.'

સાહિત્યાચાર્ય લાલા કન્નોમલ એમ, એ. 'જૈનધર્મ બૌદ્ધધર્મની અપેક્ષાએ ઘણો જૂનો છે અને શ્રી પાર્શ્વનાથ એક ઐતિહાસિક વ્યક્તિ હતી એ વાત ઘણુંખરું સર્વ વિદ્વાન્ કબૂલ કરે છે.'

પ્રો. ડૉ. હર્મન જેકોબી.

'જૈન તીર્થંકરોમાંના છેવટના બે, પાર્શ્વનાથ અને મહાવીર એ નિઃસંદેહ વાસ્તવિક મહાપુરુષ થઇ ગયા છે, કેમકે અનેક ઐતિહાસિક સાહિત્ય ગ્રંથોમાં તેમના સંબંધી ઉલ્લેખ દૃષ્ટિગોચર થાય છે.'

સર પેટ્રિક ફ્રેગલ કે. સી. આઈ. ઈ. સી. એસ. આઇ.

પાર્શ્વનાથ એક ઐતિહાસિક મહાપુરુષ થઇ ગયા એ વાતમાં શંકા નથી જ, પરંતુ તેમના પૂર્વે બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ થયા કે જે શ્રી કૃષ્ણના ભાઈ થાય. જો શ્રી કૃષ્ણ ઐતિહાસિક વ્યક્તિ મનાય તો શ્રી નેમિનાથને પણ ઐતિહાસિક માનવા જોઇએ.'

શ્રી નાગેંદ્રનાથ બસુ.એમ. આર. એ.એસ.

'બુદ્ધધર્મ અને જૈનધર્મ વચ્ચે ઘણો ફેર છે. એ બન્ને ધર્મના પ્રવર્તકો સમકાલીન થયા છે એવો કેટલાક પંડિતોનો મત છે, તો પણ જૈન ધર્મના તત્ત્વો નિગ્રંથ લોક તેમના થયાં પહેલાં પહેલાં પણ આચરતા હતા તે વાતથી પુરવાર થાય છે કે જૈનધર્મનું અસ્તિત્વ ઘણું જૂનું છે.'

ચિત્રમય જગત ધાર્મિક સિંહાવલોકન ઓકટોબર ૧૯૩૩.

આટલા ઉતારા ઉપરથી વર્તમાન સાધુગણે અને પ્રત્યેક જૈને એટલો તો સાર ગ્રહણ કરવો જોઇએ કે અભ્યાસ વધારી આપણી દરેક વાત દાખલા–દલીલોથી જનતા સમક્ષ રજુ કરવી કે જેથી ઉપસ્થિત થતાં શંકાના વમળો ભેદાઇ જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મુનિસુંદરસૂરિ.

લેખક: મોહનલાલ દલીચંદ દેશાઈ
B. A. LL. B. Advocate.

( ગતાંક પૃષ્ઠ ૭૧ થી શરૂ )

૬ **વિદ્યાગુરૂ જ્ઞાનસાગરસૂરિ**—ગ્રંથકાર પોતાની ગુર્વાવલીમાં દેવસુંદરસૂરિની પાસે ૫૦ નો અંક મૂકી તપાગચ્છના ૫૦મા પટ્ટધર તેને બતાવી તેના પટ્ટધર તરીકે ૫૧ નો અંક તેના શિષ્ય જ્ઞાનસાગરસૂરિ અને સોમસુંદરસૂરિ બંને પાસે મૂકી બંનેને સૂચવે છે. આ પૈકી જ્ઞાનસાગરસૂરિ આપણા ગ્રંથકારના વિદ્યા–ગુરુ હતા, કારણ કે ગુર્વાવલી પહેલાંની ત્રૈવેદ્યગોષ્ઠી નામની કૃતિના આદિ મંગલમાં તથા અંતના બે શ્લોકમાં પોતે જ જણાવે છે કે:– 'શ્રી જ્ઞાનસાગર નામના સ્વગુરુના જ્ઞાન–સમુદ્ર જેવા ઉપદેશ પર આધાર રાખીને હું ત્રૈવિદ્યગોષ્ઠી રચું છું. શ્રીમન્ તપાગણરૂપી આકાશને આંગણે સૂર્ય જેવી કાંતિવાળા શ્રી દેવસુંદર ગચ્છનાયકના શિષ્ય અને જેને શ્રી જ્ઞાનસાગર નામના ઉત્તમ ગુરુએ ભણાવ્યો છે એવા મુનિસુંદરે (મેં) બાલ્યાવસ્થામાં પણ તર્કના કૌતુકથી આ ત્રૈવિદ્યગોષ્ઠી પોતાના અને અન્ય વિદ્વાનોના શિશુકાલમાં જીભની પટી માટે–જીભનો પડદો ખોલવા માટે–સં. ૧૪૫૫માં રચી'.[૧]

વળી ગુર્વાવલી પછી પાકટ વયે સૂરિકાળમાં રચેલી ઉપદેશ–રત્નાકર નામની કૃતિના આરંભના દશમા શ્લોકમાં ગ્રંથકાર કહે છે કે: 'આ મારા જેવા કઠણ પથ્થર જેવામાં પણ જેમણે પોતાનાં વચનોરૂપી કિરણોથી ઉત્તમ બોધરૂપી રસ ઉપજાવ્યો છે અને અમૃતનું દાન દેવા તત્પર એવા આ નવા ચંદ્ર સરીખા શ્રી જ્ઞાનસાગર ગુરુને હું ભક્તિપૂર્વક પ્રણામ કરું છું.'[૨]

ગુર્વાવલીમાં શ્લોક ૩૨૭ થી ૩૪૭ માં પ્રથમ કથેલ છે કે જ્ઞાનસાગરસૂરિનો જન્મ સં. ૧૪૦૫, દીક્ષા સં. ૧૪૧૭, સૂરિપદ ખંભાતમાં ધન ( તથા તેના ભાઇ સહદેવ ) નામના સંઘપતિએ કરેલા ઉત્સવપૂર્વક સ્તંભન પાર્શ્વનાથ ચૈત્યમાં સં. ૧૪૪૧ ( વળી જુઓ પાટણ સૂચિ પૃ. ૨૫૮ ) અને સ્વર્ગવાસ સં. ૧૪૬૦માં થયાં. પછી ખાસ કહ્યું છે કે 'સોમસુંદર ગુરુ પ્રમુખ ઈત્યાદિ તેમના (જ્ઞાનસાગરસૂરિના) ત્રિવિદ્યારૂપી અગાધ સાગરમાં ડૂબકી મારી ઉત્તરાર્થરૂપી મણિના ઢગની મોંઘી લક્ષ્મી પ્રાપ્ત કરી પુરુષોત્તમપણું ધરાવે છે અને તે સાગર ગર્જતો હતો ત્યારે મારા (ગ્રંથકારના) જેવો એક વાદળરૂપે ઉચ્ચ પદ લઇ બેઠો હતો; તે સારસ્વત પ્રવાહ શોષાઇ જતાં જેમ

---

૧. श्रीज्ञानसागराह्व स्वगुरुणां ज्ञानवारिधि। उपजीव्योपदेशं च कुर्वे त्रैविद्यगोष्ठिकम्। श्रीमत्तपागगनभोंऽगणभास्कराभ श्रीदेवसुन्दरगणाधिपशिष्यकेण। श्रीज्ञानसागरगुरूत्तमपाठितेन बाल्येऽपि तर्ककुतुकान्मुनिसुन्दरेण ॥ शरशरमनुमितवर्षे १४५५ स्वस्यान्येषां च शैशवे सुधियां । जिह्वापटिमोपकृते विदधे त्रैविद्यगोष्ठीयं ॥—ત્રૈવેદ્યગોષ્ઠી.

૨. यैर्मादृशेऽपि कठिनोपलसंनिभेऽस्मिन् गोभिर्व्यधायि वरबोधरसोद्भवः खेः, नव्यानिमानमृतदानपरान् सुधांशून् श्रीज्ञानसागरगुरून् प्रणतोऽस्मि भक्त्या ॥ ઉપદેશરત્નાકર.

For Private And Personal Use Only

હાલના કાળમાં લોકો નદીનો પ્રવાહ શોષાતાં કૂવાઓથી કામ ચલાવે છે તેમ શિષ્યોથી વિદ્યારૂપી જલકૂવાથી ચલાવાય છે. જ્ઞાનસાગરના સમયમાં સાધુસંઘ 'દુઃસ્થ' હતો એમ ૩૨૭મા શ્લોકના 'वीक्ष्याऽन्वयं सुगतवत् किल दुःस्थमेवः' એ ચરણથી જણાય છે. તેમનું તો ઉત્તમ સંયમ–ચરિત્ર હતું ને તે મહાપુરુષ ભારે યોગી હતા એમ ગુર્વાવલીના ઉલ્લેખોથી કળી શકાય છે. તેમણે કેટલીક અવચૂર્ણીઓ (સૂત્રો ઉપરની નાની નાની વ્યાખ્યાઓ) કરેલી છે અને ભરુચ તથા ઘોઘા તીર્થનાં સ્તોત્રો પણ રચેલાં છે.

શ્રી સોમસુન્દરના દીક્ષા–ગુરુ જયાનન્દ સૂરિના સં. ૧૪૪૧માં સ્વર્ગવાસ થયા પછી સોમતિલકસૂરિના અનન્ય પટ્ટધર બનેલા દેવસુન્દરસૂરિએ સોમસુંદર મુનિને ઘણા દુર્ગમ અને વિશેષાર્થવાળા સદ્ગ્રંથો સમજવા અને ભણવા માટે જ્ઞાનસાગરસૂરિ પાસે મોકલ્યા હતા અને તેની પાસેથી આગમાદિ શીખી લીધાં હતા. (સોમસૌભાગ્ય કાવ્ય સર્ગ ૫, શ્લોક ૧૨) આ પરથી સોમસુન્દર (કે જે પછી સૂરિપદ પામી છેવટે દેવસુંદર–સૂરિના પટ્ટધર થાય છે)ના પણ જ્ઞાનગુરુ, જ્ઞાનસાગરસૂરિ હતા, કે જેને પોતે સૂરિ થયા પછી પણ સોમસુંદરસૂરિએ પોતાના રચેલા 'યુષ્મદ્ અસ્મદ્ શબ્દ રૂપાંકિત અષ્ટાદશસ્તવો'માં છેવટે ભૂલી ગયા વગર 'પોતે તેમના પાદ–પદ્મ–રેણુ છે' એમ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.[2] ચાલુ

---

૧ श्रीसोमसुन्दरगुरुप्रमुखास्तदीयं ।
त्रैवैद्यसागरमगाधमिहावगाह्य ।
प्राप्योत्तरार्थमणिराशिमनर्घ्यलक्ष्मी–
लीलापदं प्रदधते पुरुषोत्तमत्वम् ॥
न स्थैर्यं सुमनः पथे प्रविदधन्नैवापि वर्णोज्वलः,
प्रोद्यच्चापल उल्लसज्जडतया यो निम्नगोल्लासकृत् ।
यद् गर्जत्यपि मादृशो जलदवत्सोच्चैः पदं संश्रितः,
तत् त्रैवैद्यमहाब्धिशीकरकणादानस्य तज्जृम्भितम् ॥
सारस्वते प्रवाहे तेषां शोषंगतेऽधुना कालात् ।
शिष्यैरुपक्रियन्ते विद्याम्भःकूपकैर्लोकाः ॥
—ગુર્વાવલી શ્લોક ૩૪૫ થી ૩૪૭

૨ श्रीदेवसुन्दरगुरूत्तमशिष्यमुख्यश्री,
ज्ञानसागरगुरुक्रमपद्मरेणोः ।
श्रीसोमसुन्दरगुरोरिति युष्मद् ।
स्मदष्टादशस्तवकृतिः कृतिना मुदेऽस्तु ॥
જૈનસ્તોત્રસંગ્રહ ૧, પૃ. ૨૭

---

## સુધારો

૧ ગતાંક ૫માની અંદર પૃષ્ઠ ૧૦૧ ઉપર આવેલ 'આત્મ–સમર્પણ' કાવ્યની ચોથી કડીની બીજી લાઇન ભૂલથી રહી ગયેલ છે તે નીચે પ્રમાણે સુધારી વાંચવા નમ્ર વિનંતી છે.

પરમેષ્ઠિમાં શ્રેઠ સદા તું. દુઃખ હરજે ભવનું;
પરમજ્યોતિ તું અલખનિરંજન, અગમ અગોચર તું. ૪

૨ ચાલુ સં. ૧૯૯૮ ની સાલના આ સભા તરફથી પ્રકાશિત થયેલ કાર્તિકી પંચાંગમાં પોષ મહિનાની શુદિ ૭ એ પછી શુદિ ૮ એ પ્રેસદોષથી છપાયેલ છે તેને બદલે બીજી ૮ ને બદલે ૯ સમજવી, અને તે પ્રમાણે સુધારી લેવા નમ્ર સૂચના છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## પંજાબ સમાચાર.

### ( શ્રી શીઆલકોટ શહેરમાં શ્રી આત્માનંદ જૈન મુક્તિમંદિરનું શિલાન્યાસ )

માગશર ( પંજાબી પોષ ) વદિ બીજ તા. ૫–૧૨–૪૧ શુક્રવારનો માંગલિક શુભ દિવસ શીયાલકોટ શહેરના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

આજના શુભ દિવસે શુભમુહૂર્ત્ત છાયા લગ્ન ( ૧૦ અને પંચાવન મિનિટે ) જૈનાચાર્ય ૧૦૦૮ **શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ**ના સદુપદેશથી અને એઓશ્રીજીની અધ્યક્ષતામાં જ શ્રી આત્માનંદ જૈન મુકિતમંદિરનું શિલાન્યાસ રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરરી માજીસ્ટ્રેટના શુભ હસ્તે ધામધૂમપૂર્વક થયું.

આ વખતે અનેક વાજીંત્રો, બેન્ડોના મધુર ધ્વનિના મીઠા સાદ અને ભોજકોના શ્રી તીર્થંકર દેવના ગુણાનુવાદે દશે દિશાઓને ગુંજવી દીધી હતી.

આચાર્યશ્રીજીએ મૂર્ત્તિપૂજા ઉપર પ્રભાવશાળી–મનનીય ઉપદેશ આપતાં જણાવ્યું કે એક જ વસ્તુ પ્રાણીઓને દૃષ્ટિભેદથી જુદી જુદી ભાસે છે. આથી પ્રત્યક્ષ છે કે અમે જે વસ્તુને માનવજીવન સારૂ આદર્શ અને શ્રદ્ધાની નજરે જોઇએ છીએ તેને જ બીજાઓ ઉપેક્ષાની નજરે જુએ છે, પરંતુ આ શાશ્વતા ચાર જિનેશ્વરદેવોના મંદિરજીનો પાયો નંખાયો છે તે એ લોકોની સાચી ભાવનાઓનું પ્રતિબિંબ છે કે જેઓની જૈનાગમ ઉપર નિષ્પક્ષ અટલ શ્રદ્ધા છે. શ્રી સ્થાનાંગ, ઉવવાઇ, રાયપસેણી, જીવાભિગમ, ભગવતી આદિ આગમોમાં ઠેકાણે ઠેકાણે શ્રી પ્રતિમાઓનું વિધાન આવે છે, બાકી રહી માનવાની વાત. એના માટે નિષ્પક્ષતા અને સત્યગ્રાહકતાની જરૂરત છે-ઇત્યાદિ સચ્ચોટ ઉપદેશ અપાયા પછી શિલાન્યાસ થયું.

કાશ્મીર રેવન્યુ કમિશ્નર રાયબહાદુર બાબુ ફૂલચંદજી મોધા જૈનની અધ્યક્ષતામાં શીઆલકોટ જનતા તરફથી અભિનંદન પત્ર સુપ્રસિદ્ધ પંડિત જમનાલાલજી વકીલે સભામાં વાંચી સંભળાવીને આચાર્યશ્રીના કરકમલોમાં અર્પણ કર્યો.

પંજાબ શ્રી સંઘના તરફથી શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના અધિષ્ઠાતા બાબુ અનંતરામજીએ વાંચી સંભળાવી, રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરરી માજીસ્ટ્રેટના હસ્તકમલોમાં અર્પણ કર્યો. લાલાજીએ અભિનંદન પત્રનો જવાબ આપતાં જણાવ્યું કે મેં કંઇ પણ કર્યું નથી. જે કંઈ થયું છે તે ગુરુદેવની કૃપાથી એઓની શકિતથી થયું છે. ઇત્યાદિ—

અમૃતસરનિવાસી સનાતનધર્મપ્રચારક અને અને અર્જુન પત્રના એડીટર પંડિત રૂલીયારામજીનું મૂર્ત્તિપૂજા ઉપર હેતુ–યુક્તિઓ સહિત સચ્ચોટ ભાષણ થયું. વકીલ સાહેબ પંડિત જમનાદાસે ગુરુદેવની સ્તુતિની પોતાની બનાવેલ અદ્દ્ભુત કવિતા સંભળાવી. અંતમાં કન્યાઓના ગાયનો થયા.

લાલા મદનમોહન ક્ષત્રી અને લાલા પ્રાણુનાથ અગ્રવાલ તરફથી વિદ્યાર્થીઓ અને કન્યાઓને મેડલ આપવામાં આવ્યા.

પ્રમુખસ્થાનેથી રાયબહાદુરે દહેરાસર માટે ૫૦૧) જાહેર કર્યા. નારોવાલનિવાસી લાલા જાંગીરીમલ જૈને ૫૦૧) નગદ આપ્યા. ૧૨૫) અગ્રવાલ જ્ઞાતિ શીયાલકોટ. ૫૧) લાલા ભગવાનદાસજી અગ્રવાલ, ૫૧) પંડિત રૂલધ્ધુરામજી ઈત્યાદિ એ દાનનો પ્રવાહ વહેવડાવી દીધો હતો. આ સમયે જૈન અજૈન સર્વે કોમોને ઘણો જ ઉત્સાહ વ્યાપી રહ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુપ્રસિદ્ધ વૈદ્યરાજ લાલા ગોપાલશાહજી જૈનના તરફથી મોદકોની પ્રભાવના કરવામાં આવી અને બજારોમાં પણ વહેંચવામાં આવ્યા.

સભામાં શીયાલકોટના આગેવાનો, અધિકારી-વર્ગ આદિ નાગરિકોની હાજરી ખાસ ધ્યાન ખેંચનારી હતી.

ત્રણ વાગે આચાર્યશ્રીજીની સમક્ષ મંદિર પ્રબંધક કમિટી બનાવવામાં આવી.

રાતના સાતવાગ્યે વકીલ સાહેબ પંડિત જમનાદાસજીની અધ્યક્ષતામાં વિરાટ સભા ભરવામાં આવી. શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થી ન્યાયતીર્થ પં. હીરાલાલજી જૈન અને ગુરૂકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વર્તમાન અધ્યાપક પંડિત પૃથ્વીરાજજીના જૈન ધર્મ અને મૂર્ત્તિપૂજા વિષય ઉપર મનોહર અસરકારક ભાષણો થયાં.

લાહોરનિવાસી પંડિત પુરુષોત્તમચંદ્ર જૈન શાસ્ત્રી એમ. એ, એમ. ઓ. એલ. એ ગવેષણાત્મક મૂર્તિપૂજાની વિશ્વવ્યાપકતા બતાવતાં જણાવ્યું કે પાશ્ચાત્ય અને ભારતીય વિદ્વાનોની શોધખોળથી ભૂગર્ભમાંથી મળી આવેલી પ્રાચીનમાં પ્રાચીન મૂર્ત્તિઓદ્વારા મૂર્તિપૂજા ઇસા પૂર્વ ૧૦૦૦૦ દશ હજાર વર્ષ પહેલાં પ્રચલિત હતી એમ સિદ્ધ થઈ ચૂકયું છે.

સભાપતિ મહોદયે જૈનધર્મની પ્રશંસાના પુષ્પો વેરતાં મૂર્ત્તિપૂજાની નિતાન્ત આવશ્યકતા જણાવી સંગઠન ઉપર ભાર મૂકયો હતો. દશ વાગ્યે જયનાદોની સાથે સભા વિસર્જન થઇ.

આજના શુભ પ્રસંગને લઇ શ્રી શીઆલકોટ શ્રી સંઘના આમંત્રણને માન આપી ગુજરાંવાલા લાહોર, અમૃતસર, નારોવાલ, જમ્મુ, જહેલમ આદિથી સેંકડો ભાવિકો પધાર્યા હતા.

શીઆલકોટનો પ્રવેશ મહોત્સવ, ચાતુર્માસ અને શ્રી જિનેશ્વર ભગવાનનું મંદિર નિર્માણ રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનેટરી માજીસ્ટ્રેટની ઉદારતા અને ભક્તિ તેમજ નગરનિવાસી (હિન્દુ મુસલમાન) એનો સહયોગ આદિ શીયાલકોટના ઇતિહાસમાં રેકોર્ડ રહેશે.

## વિહાર અને પ્રવેશ

આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ શીયાલકોટ શહેરના ચાતુર્માસને અનેક શુભ કાર્યોદ્વારા સફળ કરી માગશર (પંજાબી પોષ) વદિ ૧૧ તા. ૧૪-૧૨-૪૧ રવિવારે વિજયમુહૂર્તમાં વિહાર કરી પાંચ માઇલ પર આડગામમાં પધાર્યા. વિહારના સમયે અધિકારી વર્ગ, વિદ્વજ્જન, વકીલ પાર્ટી વિગેરે હિન્દુ મુસલમાન સેંકડો નરનારી બે-ત્રણ માઇલ સુધી વળાવવા આવ્યા હતા અને સો સવાસો આડગામ સુધી સાથે આવ્યા હતા.

આ અવસરે ગુજરાંવાલા, નારોવાલ, પસરૂર, જમ્મુ આદિથી ઘણા ભાવિકો પધાર્યા હતા અને ગુજરાંવાલા સુધી સાથે ચાલ્યા હતા.

આચાર્યશ્રીજી આડથી વિહાર કરી જામકે, ડશકા, ઓઠીયાં થઇ ગુરુવારે શ્રી આત્માનંદ જૈન ગુરુકુળમાં પધાર્યા. ગુરુકુળે પોતાના કુલપતિ આચાર્યદેવનું ભાવભીનું સુંદર સ્વાગત કર્યું. અને શહેરમાંથી સેંકડો નરનારીઓએ આવી દર્શનનો લાભ લીધો. રસ્તાના ગામોમાં ગુજરાંવાલાના આગેવાનો અને ગુરુકુળના કાર્યકર્તા આવતા જતા રહ્યા.

ગુરુકુળમાં બે દિવસની સ્થિરતા કરી પો. સુ. બીજે શનિવારના દિવસે દબદબાભર્યા સામૈયા સાથે આચાર્યશ્રી મુખ્ય મુખ્ય બજારોમાં થઈ ઉપાશ્રયે પધાર્યા.

ગુરુકુળના અધિષ્ઠાતા બાબુ અનંતરામજી વકીલે પ્રસંગોચિત જોરદાર ભાષણ આપી ગુરુદેવના ગુણાનુવાદ ગાયા. અંતમાં આચાર્યશ્રીજીએ માંગલિક સંભળાવ્યું.

એક વર્ષ બાદ આચાર્યશ્રી પુનઃ ગુજરાંવાલા પધારતા હોવાથી શ્રી સંઘમાં અને નગરનિવાસીઓમાં ભારે ઉત્સાહ જોવાયો હતો.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના વિદ્યાર્થી અને શ્રી આત્માનંદ જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓ હાથમાં ધ્વજાઓ લઇ સામૈયામાં ચાલતા જયનાદોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આકાશને ગુંજવી રહ્યા હતા. ગુરુકુળ આદિના બેન્ડો પ્રેક્ષકોને આનંદિત કરી રહ્યા હતા.

રવિવારે લાહોર આદિના ભાવિકો વિનંતિ કરવા પધાર્યાં અને શીઆલકોટ શહેરથી લાલા ગોપાલ-શાહજી જૈન, પંડિત કુંદનલાલજી, પંડિત જગદીશ્વરલાલજી ચૌધરી ચરણુદાસજી, પંજુલાલજી આદિ જૈન–અજૈન હિન્દુ મુસલમાન સોએક ભાઇ–બહેનો દર્શનાર્થે પધાર્યાં. વ્યાખ્યાનમાં માણસોની એટલી બધી ભીડ વધી પડી હતી કે ચાલતા વ્યાખ્યાને આગેવાનોને લાઉડ સ્પીકરની વ્યવસ્થા કરવી પડી હતી.

આચાર્યશ્રીજીએ આત્મા વિષે મનનીય કિંમતી બોધ આપ્યો હતો, ગુરુકુળના વિદ્યાર્થીઓ અને લાલા તેજરામજી સોનાર, લાલા દેવરાજજી જૈનના ગુરુભક્તિના ગાયનોથી સભાજનો ઘણા ખુશ થયા.

બપોરે શીઆલકોટ આદિના ભાવિકો અને ગુજરાંવાલાના આગેવાનો સાથે આચાર્યશ્રીજી સમાધિમંદિરના દર્શન કરી શ્રી આત્માનંદ જૈન ગુરુકુળની નવી બંધાતી બીલ્ડીંગ જોવા પધાર્યાં.

લાલા કપુરચંદજી દુગડ જૈન સુપરવાઇઝર અને બાબુ જ્ઞાનચંદજી દુગડ જૈન બીલ્ડીંગ કમિટી મેનેજર સાથે રહી બીલ્ડીંગ બતાવી હતી. બીલ્ડીંગ જોયા પછી બધા નરનારી સભાના રૂપમાં ગોઠવાઇ ગયા.

આચાર્યશ્રીજી ગુજરાંવાલા નિવાસીઓની આગ્રહભરી વિનંતિને માન આપી થોડા દિવસની સ્થિરતા કરી લાહોર, કસૂર તરફ પધારશે.

હાલ પત્રવ્યવહાર આ શીરનામે કરવો.

મારફત **શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ પંજાબ.**

ગુજરાંવાલા ( પંજાબ )

**પ્રાત:સ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજની જયંતિ.**

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી

# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી માણિભદ્ર ચરિત્ર**–લેખક—પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ શ્રી **ચારિત્રવિજયજી** મહારાજ. પાટણ શહેરના **જુના** ભંડારમાંથી મળેલી પ્રાચીન પ્રત પરથી આ ચરિત્ર બહુ જ સુંદર અને સરળ ગુજરાતી ભાષામાં લખવામાં આવેલ છે. ચરિત્ર તો સુંદર છે પરંતુ આદિ નિવેદનમાં મહારાજશ્રીએ કરેલી સૂચના " માણિભદ્રજીનું મહાત્મ્ય " ભુલાયું છે, ભક્તિમાં બેદરકાર બન્યા છીએ તેથી તપાગચ્છના મંદિરો અને ઉપાશ્રયોમાં અવશ્ય માણિભદ્રજીની સ્થાપના થવી જોઇએ, હોવી જોઇએ જેથી કે આ જિનાલયો, આ ઉપાશ્રયો તપગચ્છના છે એવો જડ પુરાવો ભવિષ્યમાં મળી રહે માટે જરૂર છે તેટલું જ નહિ પણ મંદિરો અને સમાજની કુશળતા અને અભ્યુદય માટે તપગચ્છ અધિષ્ઠાયક શ્રી માણિભદ્રની મૂર્ત્તિની સ્થાપનાની પણ અવશ્ય જરૂર છે. પ્રકાશક સમયધર્મ ઓફિસ–સોનગઢ કિંમત આઠ આના.

ગયા માગશર વદિ ૬ બુધવારના રોજ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ સ્વ. મહાત્માશ્રી મૂળચંદજી મહારાજશ્રીની સ્વર્ગવાસતિથિ હોવાથી તે દિવસે જયંતિ પ્રસંગે સવારના સાડાનવ વાગે શ્રી દાદા સાહેબના જિનાલયમાં સુંદર રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી અને આંગી, લાઇટ વિગેરે કરવામાં આવેલ તેમજ શ્રીમદ્ મૂળચંદજી મહારાજશ્રીના પગલે આંગી રચાવવામાં આવી હતી. બપોરના બાર વાગે શ્રી લોકાસંઘના વંડે સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વ. પ્ર. શ્રી સુભદ્રવિજયજી મહારાજ.

મુંબઇમાં બિરાજતા પંન્યાસશ્રી પ્રીતિવિજયજી મહારાજના શિષ્ય પ્રવર્તક શ્રી સુભદ્રવિજયજી કે જેઓશ્રીનો જન્મ સં. ૧૯૬૧ માં સુરત મુકામે થયો હતો, દીક્ષા સં. ૧૯૮૫ માં મુંબઈના શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયે થઇ હતી અને સં. ૧૯૯૧ માં અમદાવાદ મુકામે પ્રવર્ત્તક પદવી જૈનાચાર્ય શ્રીજયસિંહસૂરીશ્વરજીના હસ્તે આપવામાં આવી હતી, તેઓ સં. ૧૯૯૮ ના માગશર વદિ ૮ ના સાંજે ૬ કલાકે ફક્ત પાંચેક દિવસની માંદગી ભોગવી મુંબઇમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

પ્ર. શ્રી સુભદ્રવિજયજી મહારાજ ચારિત્રપાત્ર, સરળ હૃદયી અને ગુરૂના આજ્ઞાકારી સુશિષ્ય હતા.

## નિવેદન.

અત્યારે ચાલતા મહાન વિગ્રહને લઇને કાગળોના ભાવ ચાર ગણા વધી ગયા છે, અને જોઇએ તેવા કાગળો મળી શકતા પણ નથી જે મળી શકયા તેવા કાગળોમાં હાલ આત્માનંદ પ્રકાશ પ્રગટ કરવામાં આવેલ છે તે અમારા સુજ્ઞ ગ્રાહકોને જણાવવા રજા લઇએ છીએ.

---

## ખાસ વાંચવા લાયક જૈન ઐતિહાસિક ગ્રંથ–
## " શ્રી કુમારવિહાર શતક. "
### ( મૂળ, અવચૂરિ અને સવિસ્તર ગુજરાતી ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમચંદ્રસૂરિના પરિવારમાં થએલા સુધાભૂષણ ગણિએ અવચૂરિ (સંસ્કૃતમાં) બનાવી છે. તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર મૂળ સાથે પણ આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. સંસ્કૃત કાવ્યની દષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે. તેમ જૈન ઇતિહાસની દષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશીલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે; કારણ કે આ ગ્રંથમાં ગૂર્જરપતિ જૈન મહારાજા શ્રી **કુમારપાળે** અણહીલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ (જિનમંદિર) કે જેમાં શ્રીમાન **હેમચંદ્રસૂરિએ** શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે. તે ચૈત્ય–મંદિરની અદ્ભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બહોંતેર દેવકુલીકા હતી. ચોવીસ રત્નની, ચોવીસ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીત્તળની, તેમ અતિત, અનાગત અને વર્તમાન કાળની પ્રભુપ્રતિમા હતી. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાંત મણિની પ્રતિમા હતી. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ. શિલ્પકામની સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભકિત માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા–જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઊંચા ઇંગ્લીશ આર્ટપેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રતાકારમાં છપાવેલ છે, પાટલી પણ ઉંચા કપડાની કરવામાં આવેલ છે, છતાં કિંમત ફક્ત રૂા. ૧–૮–૦ પોસ્ટ ખર્ચ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.


## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૨. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨—૦—૦ |
| ૩. | સદર ભાગ ૨ જો. | રૂા. ૨—૮—૦ |
| ૪. | શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૫. | શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩—૦—૦ |
| ૬. | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨—૮–૦ |
| | | રૂા. ૧૩—૮–૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

## ગુજરાતી ગ્રંથો.

**નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂા. ૦–૮–૦ | (૯) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂા. ૧–૦–૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂા. ૧–૦–૦ | (૧૦) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂા. ૨–૮–૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂા. ૧–૦–૦ | (૧૧) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું | રૂા. ૧–૮–૦ |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | રૂા. ૧–૦–૦ | ,, રેશમી પૂંઠું | રૂા. ૨–૦–૦ |
| (૫) આદર્શ જૈન સ્ત્રીરત્નો | રૂા. ૧–૦–૦ | (૧૨) સતી સુરસુંદરી ચરિત્ર | રૂા. ૧–૮–૦ |
| (૬) શ્રી દાનપ્રદીપ | રૂા. ૩–૦–૦ | (૧૩) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂા. ૦–૨–૦ |
| (૭) કુમારપાળ પ્રતિબોધ | રૂા. ૩-૧૨-૦ | (૧૪) ,, સોળમો ઉદ્ધાર | રૂા. ૦–૪–૦ |
| (૮) જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | (૧૫) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂા. ૦-૧૦-૦ |

## કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય ક્યા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં ક્યા ક્યા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only